‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૨૫

# એક ચણીબોરની ખટમીઠી



– જુગલકિશોર વ્યાસ

લોકભારતી પ્રકાશન – સણોસરા

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૨૫

# એક ચણીબોરની ખટમીઠી

– જુગલકિશોર વ્યાસ

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦

તાલુકા : શિહોર (જિ. ભાવનગર)

ગુજરાત, ભારત.

--------

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

--------

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬

સંકલન : જુગલકિશોર

ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ–મેઇલ : jjugalkishor@gmail.com

## અનુક્રમ

ઉપહાર ........ 4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર ! ........ 5

આરંભ : 'ચણીબોર' કેમ ? ........ 7

લોકભારતીમાં આવતાં પહેલાં ........ 9

જેલમાં જતાં જતાં ન ગયો ........ 12

બાવળા હાઈસ્કૂલ, બળદ છપ્પર અને મારા 'ડસ્ટર પ્રયોગો' ........ 13

મિલનું કાપડ વેચતાં વેચતાં એમ. એ. કર્યું ........ 16

જીતીને સોંપી દીધો ગઢ ........ 21

સમોડા - થોડામાં ઘણું ........ 24

મા'જનમાં ! (૧૯૭૪થી ૧૯૭૭) ........ 26

સાચા અર્થમાં મુક્ત શિક્ષણ : ........ 31

વીરા ભગતની ચાલીમાં એક માસની સર્વાંગી તાલીમ ........ 34

સફળતાનાં શિખરો ........ 38


અભ્યાસક્રમો અને આધાર સાહિત્યની ગૂંથણી : ........ 40

દાદાઓએ દીધા ચાંદ ........ 42

નોળવેલ : લોકદક્ષિણામૂર્તિત્વનું નવલું પગરણ ........ 43

બાયોડેટા : ........ 44

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ,

એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ** દવે. **(મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## આરંભ : 'ચણીબોર' કેમ ?

મને ગમતાં ફળોમાં બોરનો પણ સમાવેશ થાય છે. એમાંય દેશી બોરડી પર થોડાં પાકેલાં સહેજ પણ કરચલી વિનાનાં ચણીબોર પ્રત્યે મને પહેલેથી, ખાસ કરીને લોકભારતીનાં ખેતરોનાં અનુભવે – આકર્ષણ ! લોકભારતીનાં ફરજંદો–ફળોમાંના એક તરીકે હુંય એનું ફળ ખરો, પણ બીજાં જાણીતાં અને માનીતાં ફળોમાં હું મારી ગણતરી કરતો નથી.

લોકભારતીને યાદ કરતાં જ મારા જેવાને સૌથી પ્રથમ જે વૃક્ષ દેખાય તે તો દક્ષિણામૂર્તિ દેવ જેની છાયામાં બેઠેલા છે તે વટવૃક્ષ. આ વૃક્ષ તો આપણી લોકભારતી-મૂર્તિત્વની જ સાક્ષાત્ પ્રતિમૂર્તિ જેવું છે. એ સિવાય અમારા વખતમાં (૧૯૬૨થી ૧૯૬૫) લોકભારતીના પ્રવેશદ્વારથી ડાબી બાજુ આંબાનું જે મોટું વન હતું તે અને રાજેન્દ્ર ટેકરી જતાં આવતું ચીકુનું વન અને પ્રવેશદ્વારથી સભાખંડ સુધીની નાળિયેરીઓ, છાત્રાલયોની આસપાસ જોવા મળતાં શિરીષ, લીમડા, આસોપાલવ અને વિશેષ કરીને એનાં પત્રો-પુષ્પોથી શોભતાં બૂચ વૃક્ષો... આમાંનાં કેટલાંક તો ફળ વિનાનાંય ખરાં, જેઓ ફળાઉં ન હોવા છતાં પોતાના અસ્તિત્વ માત્રથી લોકભારતીત્વનું પ્રતિનિધિત્વ કરતાં રહેતાં હોય !

ઘણાં કારણોથી હું મને, મારી જાતને, મોટાં ફળોના ઢગલામાં બેસાડતો નથી. લોકભારતીનું ફરજંદ હોવા છતાં હું તો મને સ્નાનઘાટની પાછળના ભાગેથી લઈને છેક રાજેન્દ્ર ટેકરી સુધીનાં ખેતરોમાં વિખરાઈ પડેલી દેશી બોરડીનું ખટમીઠું ચણીબોર જ ગણાવતો રહ્યો છું.

આમેય ત્યાંના મારા અભ્યાસકાળ દરમિયાન પ્રાર્થના, સ્નાન, ભોજન, વાચન-અધ્યયન અને શયન જેવા પ્રિય વિષયોની જેમ જ, ગમે તેવી પ્રવૃત્તિઓમાંથીય છટકી જઈને કે તક લઈને, બોરડી કને પહોંચી જઈને, એના લગભગ પાકી ગયેલા ને રતુમડા ટબા ગોતી ગોતીને મોઢાંમાં ઓરવાનું મને અતિ પ્રિય હતું.

એક અન્ય કારણ પણ છે. ગુજરાતી વિષય સાથે પ્રથમ કક્ષામાં અનુસ્નાતક થયો હોવા છતાં અસ્સલ તો હું આપણો જ કૃષિસ્નાતક ! ૧૯૬૬થી ૨૦૦૨ સુધીનાં ૩૬ વર્ષોમાંનાં મોટા ભાગનાં વર્ષો અમદાવાદમાં ગાળવા છતાં શહેરી સંસ્કૃતિમાં હું ગામડિયો વધુ ગણાતો રહ્યો. મારા એવા, કંઈક

અંશે બરછટ કહી શકાય તેવા વ્યવહારો થકી હું બોરડીનું ફરજંદ જણાયો કે ગણાયો હોઉં તો કશી નવાઈ નથી !

એક કારણ ચણીબોર ગણાવા પાછળનું એ પણ ખરું કે લોકભારતીનું શિક્ષણ પામીને મેં ગામડાંની સેવા કરી નથી એવું મને લાગ્યા કર્યું છે. એક વરસ બાવળા હાઈસ્કૂલમાં ગામડેથી આવતાં વિદ્યાર્થીઓને ભણાવ્યાં તે, એક વર્ષ ઈડર કૉલેજમાં લેકચરરી કરતાં કરતાં ઈડર પંથકના ડુંગરાળ યુવાનોને લોકભારતીનો સ્પર્શ કંઈક આપી શક્યો તે અને સમોડામાં ત્રણ વર્ષ ગ્રામવિદ્યાપીઠમાં જ રહીને યથા–શક્તિ લોકભારતીનું ધાવણ ગ્રામીણ વિદ્યાર્થીઓમાં વહેંચી શક્યો તે –ને બાદ કરતાં બાકીનાં સાડા ત્રણ વર્ષ અમદાવાદની એક કાપડ મિલમાં સેમી ક્લાર્ક તરીકે, સાડા ત્રણ વર્ષ ગાંધીજીએ સ્થાપેલ મજૂર મહાજન સંઘમાં મજૂરશિક્ષણ વિભાગના ઇન્ચાર્જ તરીકે તથા છેલ્લે ભારત સરકાર પ્રસ્થાપિત અને ગુજરાત યુનિવર્સિટી સંચાલિત ‘શ્રમિક વિદ્યાપીઠ’ (જન શિક્ષણ સંસ્થાન)માં પ્રોગ્રામ ઓફિસર તરીકે (૧૨ વર્ષ) અને ત્યાં જ ડાયરેક્ટર તરીકે (૧૨ વર્ષ)- મેં શહેરમાં જ પસાર કર્યાં હોઈ, લોકભારતીના આદેશ મુજબનું ગામડાનું ખૂબ અગત્યનું, અઘરું અને ખરબચડું એવું કામ કરવાને બદલે શહેરનું સુંવાળું જીવન પસંદ કરવા બદલ મેં લોકભારતીનાં કિંમતી ફળોના ઢગલાની બહાર બેસવાનું વલણ અપનાવ્યું છે. શહેરી જીવનમાં આ બાબત મને ખૂંચતી રહી છે.

## લોકભારતીમાં આવતાં પહેલાં

લોકભારતીમાં આવતાં પહેલાં હું શાપુર લોકશાળાનો વિદ્યાર્થી રહી ચૂકેલો. પ્રથમ કક્ષાની તો ન જ કહી શકાય તેવી એ લોકશાળામાં, ગમે તેવી પરિસ્થિતિમાંય ટટ્ટાર રહેવા માટેનું બળ મળવા ઉપરાંત અનેક નબળાઈઓ પણ મળી રહે તેવી શક્યતાઓ ભરી પડેલી રહેતી ! એમાંની પ્રમાણમાં બહુ જ ઓછી મને મળેલી. એટલે હું વધુ આત્મીયતાથી લોકભારતીનું ધાવણ લઈ શક્યો.




**લોકશાળાના પ્રવાસમાં જુગલ અને વસંત (૧૯૫૭ આશરે)**

વળી, મારા કુટુંબમાં, મારા ફઈબાના દીકરા વનમાળીભાઈ વ્યાસ ઉમરાળા પંથકના ગાંધી ગણાતા. મને એમની ગળથૂથી મળેલી. જ્ઞાનમાર્ગી પિતા અને ભક્તિમાર્ગી માતાના હવેલી સંસ્કારો વચ્ચે એ 'મોટાભાઈ'ના સિંચેલા ગાંધી–સંસ્કારો મારી મોંઘી મૂડી હતા.

આટલા વારસાગત અને વાતાવરણીય સંસ્કારો લઈને હું લોકભારતીમાં દાખલ થયેલો. આર્થિક અગવડોને કારણે આર.આઈ. વિભાગમાં મળતી દિલ્હીની વાર્ષિક રૂ. ૨૪૦/-ની શિષ્યવૃત્તિને કારણે જ મેં લોકશિક્ષણને બદલે કૃષિ પસંદ કરેલું. બાકી ઉમરાળાની વૈષ્ણવોની હવેલીના મુખિયાજીનો દીકરો હું, પિતા પાસેથી હવેલી સંગીતના શાસ્ત્રીય રાગો અને પિંગળના છંદો પીને મોટો થયેલો. બાપગોતરમાં ખેતર વાડીએ જોતરાવા માટેની ગણત્રી હતી જ નહીં. ગોરબાપાને ઘેર દક્ષિણારૂપે આવી મળતાં લીલાં શાકભાજીમાં, વાઢ (ખરી રીતે તો સિંચોડો) ફરતો હોય તયેં આવી મળતા ઊના ઊના ગોળ અને શેરડીના રસમાં અને આગળ જતાં ગામડાંના ઘરે રાખેલી ગાય-

બકરી માટે મળી આવતા રજકા અને છાસટિયામાં કે ક્યારેક ગોરના છોકરાઓને પોંક ને પોપટા ખાવા સારુ જોવા મળતાં વાડી–ખેતરોમાં – બસ આટલામાં જ મારું કૃષિજગત સમાઈ જતું હતું.



**ડૉ. ઝાકિરહોસેનજીના હસ્તે પ્રમાણપત્ર–સ્વીકાર (લો.ભા.)**

એવો હું ૧૯૬૨-'૬૫ના સાડા ત્રણ વર્ષના સ્નાતકોમાંનો એક, કૃષિના વિષયો સાથે બહાર પડ્યો ત્યારે કોઈ ખેતર (ક્ષેત્ર) મારી રાહ જોઈને બેઠું ન હતું. જીવનની ખેતી જ્યાં થવાની છે તે લીલી વાડી હશે કે ખેતર હશે કે પછી નર્યું રણ હશે, તેનો કોઈ અણસાર હતો નહીં. ભણતાં ભણતાં જીવનનિર્વાહ માટે લાંબી ડોક કરીને નોકરી શોધતાં રહેવું પડે કે સાડાત્રણ વર્ષ દરમિયાન જે પ્રકારનું આંતર–બાહ્ય ખેડાણ થઈ રહ્યું હતું તેમાં નોકરી માટેની આગોતરી ખાંખાંખોળ કરવાનુંય અભિપ્રેત નહોતું. પરિણામે સ્નાતક થઈને લોકભારતીના ઉંબરાની બહાર પગ મૂક્યો ત્યારે 'ઉપર આભ અને નીચે ધરતી' જેવો ઘાટ હતો. પહેર્યાંનાં બેત્રણ જોડી કપડાં ને હાથમાં સ્નાતકનું સર્ટિફિકેટ સિવાય ઝાઝા કોઈ શણગારેય ન હતા. કોઈ મોટી લાગવગ એનો કારહો કરવાની ન હતી કે ન હતી કોઈ ચમત્કારિક નસીબવાળી માન્યતા.

જે કાંઈ હતું તેમાં માતા-પિતા અને કુટુંબના સંસ્કારોનો વારસો, ઉજળવાવવાળા મારા ફઈબાના શુદ્ધ ગાંધીવાદી પુત્ર એવા 'મોટાભાઈ'એ નાનપણથી ટોયેલી ગળથૂથી, શાપુર સર્વોદય આશ્રમની લોકશાળામાં ભરપૂર પીધેલું જીવનનું કઠણ પ્રાથમિક શિક્ષણ અને સૌથી વિશેષ તો જેમને ક્યારેય જોયા નથી છતાં જેમનાથી આજ સુધી અળગા થવાયું નથી એ નાનાભાઈ અને એમના સાથીઓ આદરણીય મૂળશંકરભાઈ, પ્રાતઃસ્મરણીય બૂચદાદા, શ્રી રતિભાઈ અંધારિયા અને જ્યારે પણ યાદ આવે ત્યારે હૈયે ધસી આવનારા સૌ ગુરુજનોના તથા એકી સાથે સાહિત્ય, શિક્ષણ અને સર્વોદય જેવાં અનેક ક્ષેત્રના અશ્વોના અસવાર એવા આપણા તેજપુંજ મનુભાઈ – આ બધાનો સમાવેશ કરું છું, તો આર્થિક નબળાઈને બાદ કરતાં કોઈ જ ઓછપ ન હતી. બલકે લોકભારતીના ઉંબરા બહાર પગ મૂકતાંકને જાણે હું તો આ બધી અમીરાતે જ છલકાતો હતો.

## જેલમાં નોકરી મળી પણ ન ગયો

અમદાવાદમાં મારાથી મોટા - વચેટભાઈ, એક કાપડ મિલમાં કારકુન હતા, તેમની પાસે વેકેશન ગાળતો હતો. ત્યાં રોજગાર કચેરી મારફતે મને સાબરમતી જેલમાંથી તેડું આવ્યું ! કેદી તરીકે નહીં પણ નોકરીમાં ખેતીવાડી અધિકારી તરીકે ! ઇન્ટરવ્યૂમાં શું જવાબ આપ્યા હશે, ખબર નથી. કેદીઓ પાસેથી કામ લઈ શકું એ પ્રકારની કોઈ છાપ પાડી શકું એવું વ્યક્તિત્વ કે શારીરિક દેખાવ હું ધરાવતો નહોતો. છતાં શી ખબર, એમણે મને પાસ કરીને ફિઝિકલ ફિટનેસ માટે સિવિલ હૉસ્પિટલ અને જેલની ઓફિસ વચ્ચે ધક્કેય ચડાવી દીધો. એમાંય વળી કેદીઓને નસીબે પાસ થઈ ગયો ! પણ મારે નસીબે કેદીઓ નહિ. એટલે આ ધક્કા–પિરિયડ દરમિયાન જેલ સુપ્રિન્ટેન્ડેન્ટની ઓફિસના થાંભલા જેવા જાડા પાયાવાળાં તોતિંગ ટેબલો, મોટી મોટી ફાઇલો, કરડા ચહેરા લઈને લાકડાંની ફરસ ઉપર બુટ પછાડતા અને દર બેચાર વાક્યે એકાદ શબ્દ, કોશ બહારનો, ચગળતા ખાખીશ્રીઓનો મારા ઉપર વિશેષ દરજ્જાનો એવો તો ‘પ્રભાવ’ પડ્યો કે મેં મારી જાતને, ફિઝિકલ ફિટ હોવા છતાં મેન્ટલી અનફિટ ધારીને જેલમાં જવાની ના પાડી દીધી !! ને એમ મારી લોકભારતીએ મારી, કેદીઓ સાથે જેલની ખેતી કરવાની, તક ગુમાવી દીધી. રઘુવીર વોરાએ જોકે આ કાર્ય ઘણા ઊંચા હોદ્દા પર રહીને કર્યું છે. તેથી લોકભારતીએ તો કશું ગુમાવ્યું નથી; મેં જ એ ‘લોહકપાટ’માંના ‘કાળી ભોંયના ઊજળા પડછાયાઓ’નો સહવાસ ગુમાવ્યો. (મારી પ્રચ્છન્ન લાલસા મારા સમોડાના બે પ્રિય વિદ્યાર્થીઓ ભાઈ ખરાડી અને ભાભોર દ્વારા આગળ જતાં સંતોષાઈ ! એ બન્ને જૂનાગઢ અને ભાવનગરની જેલોમાં સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે કામ કરી શક્યા. ભાઈ ખરાડી તો અમદાવાદની સેન્ટ્રલ જેલમાં સુપ્રિન્ટેન્ડેન્ટના સર્વોચ્ચ હોદ્દા પર રહીને એમની નિષ્ઠા દ્વારા ખૂબ માન પણ પામ્યા.)

## બાવળા હાઈસ્કૂલ, બળદ છપ્પર અને મારા 'ડસ્ટર પ્રયોગો'

પાણી જેમ ઢાળમાં દડી જાય છે તેમ સપાટી પણ શોધી લે છે. મને બાવળા હાઈસ્કૂલ માટે રોજગાર કચેરી દ્વારા જ, ટૂંક સમયમાં બીજો પત્ર મળ્યો – ઇન્ટરવ્યૂ પતી ગયાના બીજા દિવસે ! મોડો છતાંય આચાર્યશ્રીએ મને એમને ઘેર (રવિવારને કારણે) આવકાર્યો. મૂળશંકરભાઈ અને બૂચભાઈ વિષયક વાતો થઈ. એ જ જાણે ઇન્ટરવ્યૂ હતો ! હું ધારું તોય નાપાસ ના થઈ શકું ! ને ન જ થયો. "ઊઘડતી શાળાએ હાજર થઈ જાવ," એવા એક જ વાક્યમાં આચાર્યશ્રીએ ઇન્ટરવ્યૂનું પરિણામ અને નિમણૂકપત્ર સાથે જ આપી દીધાં ! હું જાણે ઊડીને પાછો લોકભારતીમાં જ આવતો હોઉં એમ ઉત્સાહભેર મને વળગી પડ્યો !

જીવનની પ્રથમ નોકરી કરવા માટે નિમંત્રણ લઈને હું બાવળાથી, આમ તો બસ દ્વારા, છતાં ઉત્સાહથી નવી ઊગેલી પાંખો વડે ઊડતો ઊડતો જ અમદાવાદ પહોંચ્યો. પરંતુ વેકેશન દરમિયાન બાવળા જઈને મકાન વગેરેની વ્યવસ્થા અગાઉથી કરી લેવી ઘટે એવી સામાન્ય સૂઝ પણ (નવી ઊગેલી પાંખો ઢીલી પડ્યા પછીય) ન ઊગી ! ખૂલતા વેકેશને, મારા માટે સ્કૂલ તરફથી મકાન વગેરે બધું તૈયાર હોય જ હોય એમ, સીધો જ હાજર થયો. સાથે એક બિસ્તરો અને કપડાંની પેટી એટલું જ હતું. આરંભમાં જ જે ઊગી જવી જોઈતી હતી તે સૂઝના અભાવને હું 'બાઘાઈ' શબ્દથી ઓળખાવીને કહું તો, બેગ-બિસ્તરાની સાથે તે (બાઘાઈ) પણ હતી. એટલે આચાર્યશ્રીએ મને બેગ-બિસ્તરા-બાઘાઈ સહિતનો શાળાની ખેતીના ફાર્મ ઉપર મોકલી આપ્યો – રહેવાની સગવડ કરી આપવાની ભલામણ ચિઠ્ઠી સહિત !

ખેતીના શિક્ષકને ખેતીવાડીના ફાર્મ ઉપર રહેવાનું મળે તે તો કંસારમાં ઘી ગણાય. પણ બાઘાઈ વિભૂષિત મારા જેવા માટે એ કાંઈ અગાઉથી આયોજિત નહોતું. આ તો ઓચિંતા આવી ચડેલા (કૃષિ વિષયના ફર્સ્ટ ક્લાસ સ્નાતક પરંતુ જીવનવ્યવહારે તદ્દન પૂર્વ પ્રાથમિકના વિદ્યાર્થી–શા) નવા શિક્ષકને વખારે નાખવા સિવાય કોઈ જ તાત્કાલિક ઉપાય નહોતો. તેથી ચોમાસામાં ઢોર બાંધવાના એક ઊંચા છાપરાવાળા મસમોટા બંધ ઓરડામાં મારો સામાન મૂકીને તત્પૂરતી રાહત કરવામાં આવી. બળદ છપ્પર જેવા એ મોટા પાકા મકાનને બારણાંને બદલે લોખંડનો તોતિંગ દરવાજો હોઈ, રાહત છાવણી જેવુંય એ લાગતું નહોતું !

વરસાદને હજુ વાર હતી, એટલે ઢોરોને પણ મારા આવ્યાથી બહાર રહેવામાં વાંધો નહોતો. ત્યાંના કર્મચારીએ મોટા સાવરણાથી પોદળા વગેરે મોટા મોટા પદાર્થોને દૂર કર્યા. ઊંઘ મારી સારી

તેથી ચાંચડ-ઈતરડીઓ વગેરેનો સહવાસ ને તેની સીધી અસરો મને જણાઈ નહિ. ને એમ પંદરેક દિવસો મેં મારા ગૃહસ્થ–જીવનના ઉદ્દઘાટનરૂપે સૌ જીવો વચ્ચે ઊજવ્યા !

પ્રતિકૂળતાઓની ફરિયાદ તો કોરાણે રહી, મનોમન પણ એ સ્થિતિને સાવ સહજતાથી ભોગવી લીધાનું મને યાદ છે. પ્રતિકૂળતાઓ જે જાતે જ ઊભી કરી હોય તેનું દુ:ખ તો ક્યાં ગાઈએ ? પણ બહારથી આવેલી હોય તોય એને સખેદખે ભોગવી લેવાનું વલણ જીવનભર રહ્યું છે. બલ્કે આગળ જતાં જે વિશેષ સગવડો મળી એ પણ ક્યારેય મોભાનો મુદ્દો ન બની. કેન્દ્ર સરકારની યોજનામાં ચોવીસ વર્ષ દરમિયાન મોટર મળી, પ્રવાસમાં વિમાની મુસાફરી પણ ઉપલબ્ધ થઈ, છતાં એને ભાગ્યે જ ભોગવી. છેલ્લાં વર્ષોને બાદ કરતાં રેલવે મુસાફરી પણ સેકન્ડ ક્લાસમાં સહજતાથી કરી. સગવડો ક્યારેય મને સુંવાળો ન બનાવી શકી, એ વાતનું સુખ આજ સુધી અનુભવ્યું છે.

જેલમાં જવાનું બંધ રાખીને બાવળા એ.કે.વિદ્યાલયમાં ખેતી શિક્ષક તરીકે જોડાયો. ત્યાં ફક્ત ૩૬૫ દિવસ જ રહ્યો. પણ આ શાળામાં હું મારા જીવનમાં સૌથી વધુ સંકોચ સાથે રહ્યો. વંદો જેમ અજવાળાથી ભાગીને અંધારું ઓઢવા દોડે એમ હું જાહેર થવાથી ભાગતો રહ્યો. લોકભારતીમાં મારી પદ્ય કૃતિઓથી મુશાયરાઓ અને સભાઓ ગજવનારો હું બાવળામાં લગભગ ખૂણો પાળીને રહ્યો. શિક્ષકરૂમમાં મેં ભાગ્યે જ કોઈ ચર્ચા કરી. મારામાં આવડતનો અભાવ નહોતો જ. વિદ્યાર્થીઓમાં હું પ્રિય હતો જ. તોફાની છોકરાઓ પણ મારા વર્ગમાં ડાહ્યા બનીને ભણતા. વડીલ શિક્ષકો પણ મને માનથી જોતા.

આ જ બાવળા સ્કૂલ મને યાદ રહેશે, વર્ષના આરંભના દિવસોમાં મારે ભાગે આવેલા પ્રાથમિક શિક્ષણના વિદ્યાર્થીઓ માટે નાગરિક શાસ્ત્રના પાઠો ભણાવતાં ભણાવતાં તોફાની છોકરાઓ ઉપર મેં કરેલા ‘ડસ્ટર પ્રયોગો’ માટે !

શરૂઆતના એ દિવસોમાં ખેતીને બદલે નાગરિક શાસ્ત્ર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ભણાવવાનું મળેલું. આગલી લાઇનમાં એક બાંઠકો વિદ્યાર્થી ખૂબ તોફાન કરે. ભાલ પંથકનું અસલ લોહી. કદરૂપો પણ તેજસ્વી. એની તેજસ્વિતા ભણવા કરતાં તોફાનમાં વધારે પ્રગટ કરીને એ મારી તેજસ્વિતા અને સાત્વિક્તાને પડકાર્યા કરતો. એનો પડકાર મારા માટે પડકાર જ બની રહેતો. મોટે ભાગે એ જીતી જતો. હું મારું શિક્ષણ, મારા સંસ્કારો અને લોકભારતી દ્વારા મળેલી નઈ તાલીમની દીક્ષા - હંધુય ભૂલી જઈને, હાથવગું હથિયાર ડસ્ટર લઈને ફરી વળતો. અસલ ઘી, ભાલના ઘઉં અને ભાગ્યે જ જોવા મળે એવા અસલ ચોખા ખાઈને એ આવતો હતો. ક્યારેય મારું ડસ્ટર એને

રડાવી શક્યું નહીં, પરાજિત કરી શક્યું નહીં. કદરૂપું મોઢું કટાણું કરીને એ વધુ કુરૂપું બનીને મને જોતો રહેતો. એને ડસ્ટર મારતી વખતે મનેય હૈયે વાગતું. હું મનેય ઘણો કદરૂપો લાગતો. પણ....

પાટિયા પરનાં લખાણો ભૂંસવા માટેનું એ ડસ્ટર, એ છોકરાનાં લખ્ખણો તો ન ભૂંસી શક્યું, પણ મારા સમગ્ર વ્યાવસાયિક જીવનનાં વર્ષો દરમ્યાન ક્યારેય ન ભૂંસાયેલા એ ડસ્ટરે, વળગવાની સંભાવનાવાળાં ઘણાં અપલખણોને, આવતાં પહેલાં અટકાવવામાં મોટી મદદ કરી. એને મારતી વખતે ડસ્ટર ધારણ કરેલા મારા હાથની તાડન મુદ્રામાંના મારા ક્રૂર રાક્ષસત્વે મને એ છોકરા કરતાંય વધુ કદરૂપો બનાવી મૂક્યા હતો તેનો અહેસાસ મને સદાય થતો રહ્યો.

હું ખૂબ સારો શિક્ષક, કાર્યકર કે અધિકારી બની શક્યો કે કેમ, તેનું મૂલ્યાંકન કરવું ઘણું અઘરું જણાયું છે. પણ માર ખાતા એ છોકરાએ માર ખાઈનેય મને ઘણું બધું શીખવાડ્યું છે, એનો ગણ હું ભૂલી ન શક્યો. મારામાં ક્યાંય પણ, ક્યારેય પણ, જે કાંઈ સારપ દેખાઈ, તેમાં આ સૌનું ઋણ ન ફેડી શકાય તેવું ને તેટલું મારા પાટિયા પર ચીતરાયેલું – અને એટલે જ સદાય સ્વીકારાયેલું – રહ્યું છે. જીવનની પ્રથમ જ નોકરી માટે જેલમાં જવાનું મેં ભલે મુલતવી રાખ્યું, પણ મારો માર ખાઈનેય જીતી જનારા એ છોકરાઓનો હું કેદી બની રહ્યો. વળતે પગલે એ સૌને આજીવન હૈયે કેદ રાખીને હું યથાશક્તિ તેમનું ઋણ ચૂકવવા પ્રામાણિકપણે મથતો રહ્યો છું.

## મિલનું કાપડ વેચતાં વેચતાં એમ. એ. કર્યું

ખેતીનો સ્નાતક હોવા છતાં મને ખેતીમાં જરાય રસ નહિ. ભણતો ત્યારેય ભણવા ખાતર ભણતો. તક મળતાં જ શિયાળે સીમ ભણી બોર ખાવા ને ઉનાળે સ્નાનઘાટે નહાવા જતો રહેતો. વર્ગનોંધો ખપ પૂરતી જ ઉતારતો. વાર્ષિક પરીક્ષા વખતેય સવારે વહેલા જાગીને કે રાતે મોડે સુધી વાંચતો નહિ. આંકડાઓ, કેટલુંક ગણિત, પ્રાયોગિક કાર્યો વગેરેથી ડરતો. જોકે આ નકારાત્મક વલણ ખેતીના વિષયો પૂરતું જ હતું. ભાષાઓ, આરોગ્ય, રાજનીતિ જેવા વિષયોમાં મને ટેસડો પડતો. પરીક્ષકોનેય મારી ઉત્તરવહીઓથી ‘એ’ પડતો હશે. એટલે સારી સિઝનના મબલખ ફાલની જેમ તેઓ મને માર્ક્સ આપતા. એ માર્ક્સનો ઢગલો એવડો મોટો થતો કે કાગડો એ ઢૂંસાના ઢગલે બેસીને ખુશ રહેતો ! સાચા દાણા (ખેતી વિષયના માર્ક્સ)-નો ઢગલો નાનો રહેતો. અને તેની ઉપર કાબરબાઈ સાચી હોવા છતાં નાની ગણાતી.

ગુજરાત વિદ્યાપીઠમાં ગુજરાતી સાથે એમ. એ. કરી શકાશે એવી વાત જાણવા મળી. તપાસ કરી. અનુમોદન પણ મળ્યું. ભાષા વિભાગના આચાર્યશ્રીએ, ભાષા મારો ગમતો વિષય હોવા માત્રથી, ગુજરાતીમાં મને એમ. એ. કરવા દેવા આનાકાની કરી. કારણ કે કૃષિસ્નાતક તરીકે હું પ્રથમ વર્ગમાં પાસ હતો ! મેં મારો ઢૂંસાનો ઢગલો એમને દેખાડ્યો ને કહ્યું કે: ‘છ માસ પછી અયોગ્ય લાગું તો નીકળી જઈશ !’ એમની શરતી મંજૂરી મળતાં જ ઢૂંસાનો જે હતો તે ઢગલો નવી પરિસ્થિતિમાં અસ્સલ મોતી–શા દાણાનો ઢગલો બની રહ્યો ! ભાષાઓમાંનો મબલખ પાક મને ગુજરાતી વિષયમાં પ્રવેશ અપાવી ગયો.

મેં કાબરના ઢગલાનોય આગળ જતાંસદ્‌ઉપયોગ જ કર્યો. ખેતીનું ભણવાનું-ભણાવવાનું ભલે મને ગમતું નહિ, પરંતુ જમીનમાંથી કેશાકર્ષણ દ્વારા ટગલી ટોચ સુધી પહોંચતાં ખાતર-પાણી; જમીનમાંથી ‘વી ફોર વિક્ટરી’ની બે આંગળીઓની નિશાની જેવો કોંટો કાઢીને હવામાં લહેરાઈ રહેતા વનસ્પતિના તાજા અંકુરો, તાજાં પાંદડાં અને સૂર્યનાં કિરણોની જુગલબંધી, ખામણાં ગોડતાં ગોડતાં સિંચાયેલા અમારા પરસેવાની અને મહોરેલી મંજરીઓની સુવાસનાં સંમિશ્રણો, વનસ્પતિઓમાં થતું ફલિનિકરણ, લગભગ બધી જ વનસ્પતિનાં માથા ઉપર છૂટક કે વેણીની જેમ ઝળુંબી રહેતાં ફૂલો... ને એવું બધું – મને ખેતીવાડીમાં અત્યંત આનંદ આપતું. ભાષા અને ખેતીના વિષયોનું આ પ્રકારનું સાયુજ્ય આગળ જતાં મારા લખાણોમાં તો ઠીક, જીવનવ્યવહારોમાંય કોળી ઊઠતું રહ્યું !

લોકભારતીના વિદ્યાર્થી તરીકે ગામડાંને કાર્યક્ષેત્ર બનાવવાનું સહજ ગણાય. બલકે એ જ અપેક્ષિત હોય. પરંતુ છેલ્લા વર્ષમાં ખાસ વિષય 'સહકાર પંચાયત' રાખ્યો હોઈ, ધરમંડળીઓ વિષયક નિબંધ વર્ષાંતે આપવાનો હતો. મારા માર્ગદર્શક શ્રી જ.મ.શાહે મને કેન્દ્રનિવાસમાં ગુજરાતના સૌથી મોટા 'ગામ' અમદાવાદમાં મોકલ્યો ! 'પુત્રનાં લક્ષણ પારણે ને વહુનાં લક્ષણ બારણે' દેખાય તેમ આ શિષ્યના લક્ષણ કેન્દ્ર નિવાસને 'કારણે' દેખાયાં - કે આ છોકરો આગળ જતાં શહેરમાં જ ઠરીઠામ થશે ! અમદાવાદમાં એ દિવસોમાં સૌથી ઊંચા મકાનોમાંનું એક 'બૅન્ક ઓફ બરોડા' ગાંધીરોડ ઉપર હતું. તેના છેલ્લા માળે જિલ્લા સહકારી સંઘની કચેરીમાં મારે નિબંધની તૈયારી કરવાની હતી. આટલી ઊંચાઈએથી જાણે કે ગામડું દેખાતું બંધ થઈ ગયું ! એ દોઢ મહિનો ભાઈને ઘેર રહીને શહેરનો અનુભવ લીધો.

જીવનનાં પ્રથમ બાવીસ વર્ષમાં અલપઝલપ જોયેલાં ભાવનગર અને જૂનાગઢ સિવાય શહેરોનો અનુભવ જ નહિ. શાપુર લોકશાળાનાં છ વર્ષ દરમિયાન ચોરી-છૂપીથી સાઇકલ ઉપર જૂનાગઢ જઈને સિનેમા જોનારા 'બહાદુરો'માં હું નહોતો. એટલે ત્યાંય શહેર જોવાજાણવા નહોતું મળ્યું. પરિણામે આરંભનાં બાવીસ વર્ષ શહેરનો રંગ તો શું ચડ્યો હોય, એનો છાંટોય અડ્યો નહોતો !

સ્નાતક થયા બાદ શહેર કે ગામડું ? એ પ્રશ્નનો જવાબ નોકરીની તક ઉપર આધારિત હોય તે સ્વાભાવિક છે. કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓ પોતાની જમીનને કારણે સારી કારકિર્દીની લાલચ છોડીને પણ ખેતીમાં જોતરાઈને લોકભારતીની અપેક્ષા સંતોષનારા નીકળ્યા છે. કેટલાકે ગામડાંની નોકરી મળતાં એનો સદ્‌ઉપયોગ કરીને ગ્રામસેવા કરી છે. કેટલાક તો સામે ચાલીને ગામડે ગયા છે. ત્યાં રહ્યા છે. અને પોતાને અને ગામડાંને ધન્ય બનાવી રહ્યાં છે. હું એવો સદભાગી નહોતો.

હું તો કેન્દ્રનિવાસમાં જ 'શહેર-શહેર'નું ગાણું રટતો રહ્યો હઈશ એટલે, કે પછી અજ્ઞાતવશ, મને શહેર મળતું રહ્યું. ગમે તેમ પણ ખેતીવાડીના વિષયને છોડવાની અને ગુજરાતી સાથે એમ. એ. કરવાની લ્હાયમાં, એક જ વર્ષ બાદ, બાવળાની નોકરી છોડી ગુજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવ્યો.

લગ્નજીવન શરૂ થઈ ચૂક્યું હતું. તેથી નોકરી વિના ભણવું પોસાય તેમ નહોતું. કાપડમિલમાં સેમી ક્લાર્કની દૈનિક રૂપિયા પાંચના દનૈયાની નોકરી મળતી હતી તે લઈ લીધી. આઠ કલાકની નોકરી, મિલનું વાતાવરણ, દરરોજનું લાંબું સાઇકલિંગ, ટિફિનનું બપોરનું જમણ અને એમ. એ.ના અભ્યાસ માટે જરૂરી એવા મોડી રાત સુધીના ઉજાગરા વચ્ચે હું ગુજરાત વિદ્યાપીઠના છાત્રાલયમાં રહીને, ચોટલી બાંધીને ભણતા એમ. એ. ના બધા જ વિદ્યાર્થીઓ (જેમાંના ત્રણેક તો મારા

અધ્યાપક રહી ચૂકેલા હતા !)ને પાછળ મૂકી દઈને, અનુસ્નાતક પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ શી રીતે આવ્યો હોઈશ તેય આશ્ચર્ય છે ! મારા સમગ્ર જીવનને બદલી નાખનારા આ પરિણામે મને એક વિશિષ્ટ અનુભવ કરાવ્યો. પછી તો જીવનમાં એવા ઘણા પ્રસંગો આવ્યા જેમાં મને અત્યંત કપરી પરિસ્થિતિઓમાંથી ઓચિંતો અને અકલ્પ્ય માર્ગ મળતો રહ્યો. આ કોઈ ચમત્કારની વાત નથી. છતાં દરરોજ ૧૬થી ૧૮ કલાક વાંચનારાઓની વચ્ચે ફક્ત બેથી ત્રણ કલાક વાંચીને, નોકરી કરતાં કરતાં, મેં જે સફળતા મેળવી, તેને કારણે ભવિષ્યમાં ઘણાં દ્વારો આપોઆપ ખૂલતાં ગયાં.

મંગળદાસગૃપની મિલના નાના શેઠે, હું એમ. એ. કરવાનો છું એ જાણ્યા પછી જ નોકરી આપી હતી. શરૂમાં સ્ટોર્સ વિભાગમાં સિગારેટના એક તલબીના હાથ નીચે કામ કરવાનું આવ્યું. બે સિગારેટની વચ્ચે ભાગ્યે જ ૧૫-૨૦ મિનિટ ખાલી જતી ! ક્યારેક તો એક ચાલુ હોય ત્યાં જ બીજી શરૂ કરી દે. એવી જ અસ્ખલિત અપશબ્દાવલિ સિગારેટના ધુમાડાની સાથે વહાવતા રહેતા એ મહાનુભાવ એમ બીજી રીતે સારા માણસ. મારા માટે ક્યારેય કનડગતરૂપ નહીં. જીવનમાં પહેલી વાર આટલા સિગારેટના ધુમાડાનો, અસ્ખલિત અપશબ્દોનો અને સ્પેરપાર્ટસના મોટા મોટા ઘોડાઓ વચ્ચે બેસીને ટિફિન ખાવાનો અનુભવ લીધો. ટિફિન જમતાં એટલો તો સંકોચ થાય ! ટેબલથી દૂર લોખંડના ઘોડાઓની વચ્ચે જઈને ટિફિન ખોલું; તો પણ જાણે મિલના એ લોખંડનાં ટુકડાઓ મને ખાતો જોઈ જતા હોય તેમ લુશ લુશ ખાઈ લેતો.

મિલના અનુભવો ભલે બહુ સારા નથી પરંતુ બહુ ખરાબ પણ નથી. નાના શેઠ આર્કિટેક હતા. એમણે પોતાની મિલોનાં કાપડની ભારતભરમાં જાહેરાત કરવા માટેની ગોલ્ડવિન ગોલ્ડબોન્ડ ક્લબ શરૂ કરી હતી. એના સ્થાપકોમાં હું પણ સૌથી નાના કર્મચારી તરીકે હતો ! ખાદીથી તદ્દન રંગાયેલો એવો આ જણ વખાનો માર્યો મિલના કાપડની જાહેરાતનું કામ કરતો હતો !! હિન્દુસ્તાનભરમાં કાપડના નમૂનાઓ મોકલવાનું ડિસ્પેચને લગતું કામ. સ્ટોર્સમાંથી એમાં બદલી કરીને નાના શેઠે જાણે કે મારું ભણવાનું સરળ કરી આપ્યું. અઠવાડિયાના ત્રણેક દિવસ કામ રહેતું. બાકીનામાં હું એમ. એ.ના હોમવર્કની પૂર્વ તૈયારી ત્યાં કરતો. મિલમાંથી મળતા ટાઇપના સુંદર કાગળોનો મેં (પૂછયા વિના જ) એમ. એ.ના મહાનિબંધમાં ઉપયોગ કર્યો હતો. આ ચોરી મિલના વાતાવરણમાં તો સાવ નગણ્ય જ ગણાતી. વધુમાં વધુ ૫૦૦ કાગળો વાપર્યા હશે. પેન્સિલો ઢગલાબંધ મળતી, પણ એક ટુકડોય ઘેર લઈ ન જતો. મારા ભાઈને દર મહિને મળતી પેન્સિલોમાંથી વધારાની હોય તે ઘેર લાવતા. હું એ પણ વાપરવા ન દેતો. પરંતુ કાગળોની ચોરી કરીને મેં મહાનિબંધ લખ્યો એ કાયમી ધ્યાનમાં રહ્યું.

નાના શેઠ એ બીજું કોઈ નહિ પણ શ્રેયસ ફાઉન્ડેશનનાં સર્વેસર્વા મોન્ટેસોરી પદ્ધતિએ આજે પણ અમદાવાદના શિક્ષણજગતમાં સામે પૂરે તરીને પ્રયોગો કરનાર માનનીય લીનાબહેન મંગળદાસના પુત્ર કમલ મંગળદાસ. મિલમાં સૌથી સાદા એ ગણાતા. પોતાનું મોટાભાગનું કામ જાતે જ કરતા. મારા કામથી ખુશ હશે જ. ક્યારેય ઠપકો તો શું, ઊંચે અવાજેય મારી સાથે વાત કરી નથી.

એમના હાથ નીચેના એક અધિકારીએ એક દિવસ એમના પી.એ.દ્વારા ચા મંગાવી. પી.એ.એ મને કહ્યું – 'વ્યાસ, સાહેબ માટે ચાનું કહી આવો.' મને પગથી માથા સુધી ચડી ગઈ ! ન જાઉં અને નોકરી જાય તો ? દરરોજની પાંચ રૂપરડી મારે માટે તો ખજાના જેવી હતી. એક દિવસ રજા પાડું ને પાંચ રૂપિયા કપાઈ જતા ત્યારે ઘરમાં ક્યાંક કશીક ખરીદીય કપાઈ જતી. ભણવા માટે આ નોકરી અને આ શેઠ બધી રીતે ઉત્તમ હતા. છતાં હિંમત એકઠી કરીને ચાનું કહેવા ના ગયો. થોડી વારે સાહેબે પી.એ. પાસે ચાની ઉઘરાણી કરી. એણે મારું નામ આપ્યું. મને બોલાવ્યો. 'કેમ વ્યાસ, ચા હજુ આવી નહિ ?' મેં કહ્યું કે 'હું કહેવા જ નથી ગયો. એ મારું કામ નથી. પટાવાળાને કહો.' મિલના ભૂંગળામાંથી સિસોટી સાથે વરાળું નીકળે એમ સાહેબના મગજમાંથી ધુમાડો ને સિસોટીઓ નીકળે ના નીકળે ત્યાં મેં એક બાણ છોડી દીધું. 'કમલભાઈ પણ આમાં માનતા નથી. કહો તો એમને જણાવું !' મિલમાં નાના શેઠને સહુ કમલભાઈ જ કહેતા. હકીકતમાં તો નાના શેઠ એમના કાકાના દીકરા દર્શનભાઈ હતા.

મારા મોટાભાઈને બોલાવીને સાહેબે મને કેબિનમાં હાજર કર્યો. મોટાભાઈએ મને યાદ અપાવ્યું કે તું તો લોકભારતીનો ને વિદ્યાપીઠનો વિદ્યાર્થી છે. આમાં શરમ શી ? મેં કહ્યું કે મારે ઘેર સાહેબ આવે તો જોડાય ઉપાડવા તૈયાર છું. અહીંની વાત જ જુદી છે... વગેરે. પ્રકરણ ત્યાં જ દટાઈ ગયું હશે. પણ પી.એ. વગેરેનું વલણ ત્યાર બાદ બદલાઈ ગયું.


મિલની બીજી એક મહત્ત્વની બાબત તે મેં તૈયાર કરેલા રૅકૉર્ડરૂમની; મારી મહેનતની. મિલના ઇતિહાસમાં ક્યારેય ફાઇલ્સ, રજિસ્ટર્સનો રૅકૉર્ડ રહેતો નહિ. એક રૂમમાં દોઢ મથોડું ઊંચો એક ઢગલો હતો. દાયકાઓ જૂનાં ફાઇલ્સ, રજિસ્ટર્સ તૂટેલાં-ફટેલાં એમાં પડ્યાં પડ્યાં સડતાં હતાં. હું એમ.એ.થઈ ગયો પછી મિલમાં મને દૈનિક ભથ્થાને બદલે ક્લાર્ક તરીકે નિયમિત પગાર ધોરણમાં મૂક્યો હતો.

એક દિવસે શ્રી કમલભાઈ મને, 'આવો તો, વ્યાસ !' કહીને એ ઢગલા પાસે લઈ ગયા. ગીતાના અગિયારમા અધ્યાયમાં જોવા મળતા કૃષ્ણના વિરાટ સ્વરૂપ પાસે અર્જુન દેખાય એવડો

ટચૂકડો હું મને એ ઢગલા પાસે દેખાતો હતો ! મિલ શરૂ થઈ હશે તે કાળથી ચાલ્યા આવતાં રજિસ્ટર્સ, અનેક વિષયની ફાઈલ્સ, અનેક વિભાગો અને દરેકના અલગ અલગ અનેક વિષયો, અલગ અલગ વર્ષ અને મહિનાઓ - એ બધાંને અલગ તારવીને ક્રમબદ્ધ ગોઠવીને પોટલામાં બાંધવાનાં હતાં ! મને તો મિલમાં કેટલાં ખાતાં છે એનીય જાણ નહોતી. વિષયોની ગતાગમ તો હોય જ ક્યાંથી ?

સારું હતું કે વિરાટ સ્વરૂપની બાજુમાં શ્રી કમલભાઈ ઊભા હતા. ઉત્સાહ તો હતો જ. તદ્દન કોરી પાટીમાં એકડાનીય આવડત વિનાના મેં કહી દીધું કે હું કરી શકીશ. નિષ્ઠાપૂર્વક મંડી પડ્યો. એ કમલનયનને મારે રિઝવવા હતા. એમની પાસેથી કોઈ લાભ ખાટવા માટે નહિ. પણ એમણે મને ભણવાની સગવડ કરી આપી હતી, એનું ઋણ ચૂકવવા માટે. મિલના ઇતિહાસમાં જેનું અસ્તિત્વ નહોતું તે રૅકૉર્ડરૂમ ૮થી ૧૦ મહિનામાં અપટુડેટ કરીને સોંપ્યો ત્યારે બહારનાં લોકોને નમૂનારૂપ બતાવવા જેવો એ રૅકૉર્ડરૂમ જોઈને કર્મચારીઓમાં હલચલ થઈ પડી. મિલમાંની મારી કાર્યનિષ્ઠાનું એ જાણે સ્મારક બની રહ્યું !

મંગળદાસ ગ્રૂપની બીજી મિલમાં પણ એવું જ કામ કરવાનો આદેશ મને મળવામાં જ હતો, ત્યાં મને કૉલેજમાં લેકચરરની કામગીરી મળી જતાં મિલ મેં છોડી દીધી.



**એમ. એ.માં પ્રથમ વર્ગ**

## જીતીને સોંપી દીધો ગઢ

બબ્બે, ત્રણત્રણ માળિયાં મકાનો જેવડા કદના મોટા મોટા પથ્થરોનો કોઈએ ખડકલો કર્યો હોય એવા બોડિયા ડુંગરાઓ અને આદિવાસી જીવનશૈલીથી ઊભરાતા વિસ્તારનું મુખ્ય શહેર એટલે ઈડર. ઉમાશંકર-પન્નાલાલનું શાળાશિક્ષણ જ્યાં થયું હતું તે ડુંગરાળ ઈડર. ૧૯૭૦માં ત્યાં તદ્દન નવી જ આર્ટસ-કોમર્સ કૉલેજ શરૂ થઈ. કૉલેજનાં પ્રથમ બે વર્ષો એક સાથે શરૂ થયેલાં. કોઈ સ્થાનિક વ્યક્તિને ગુજરાતીના વ્યાખ્યાતા તરીકેની પસંદગી લગભગ આપવાની હતી. અનુસ્નાતકમાં મારી કક્ષા અને ઈન્ટરવ્યૂમાં મેં કરેલા ખૂબ જ સારા દેખાવે પરીક્ષકોને ઘણો સંતોષ થયો હતો. તે બધું ખરું પરંતુ કૉલેજના આચાર્યશ્રી શિક્ષણની જે પરિપાટી ધરાવતા હતા, તેમાં લોકભારતીના શિક્ષણનું ઘણું ઊંચુ સ્થાન હતું. મારી પસંદગીમાં એ તત્ત્વ બહુ મહત્ત્વનો ભાગ ભજવી ગયું. બધા જ અવરોધોને પાર કરીને, અત્યંત આનંદ અને આશ્ચર્ય સહિત લોકભારતીના કદાચ સૌ પ્રથમ વિદ્યાર્થી તરીકે હું યુનિવર્સિટી સંચાલિત મહાવિદ્યાલયમાં વ્યાખ્યાતા તરીકે પસંદગી પામ્યો.

નવું વાતાવરણ, નવી જ જીવનશૈલી અને નવા જ પ્રકારનું શિક્ષણજગત; નવી જ કૉલેજ, નવો જ સ્ટાફ અને અતિ ઉત્સાહનું ઉત્સવ જેવું વાતાવરણ અમને સૌને વિંટળાઈ વળ્યું હતું. પરંતુ લોકભારતીનું ભાવજગત જલદી છૂટે તેમ નહોતું. એમાંય હું અતડા સ્વભાવનો ને સંકોચશીલ. બધે ભળી ન શકું. પરંતુ આચાર્યશ્રી પોતે આપણા શિક્ષણજગતથી અને પરિપાટીથી પરિચિત હતા. એમણે મને ઘણી હૂંફ આપી.

ગુજરાતી વિષય આર્ટસ-કોમર્સ બન્ને ફેકલ્ટીના પ્રથમ વર્ષમાં સમાન વિષય હોઈ ફક્ત મારા એકના જ વર્ગમાં બન્ને ફેકલ્ટીનાં વિદ્યાર્થીઓ ભેગાં થાય. કૉલેજમાં નવા જ આવેલાં એ સૌ છોકરાછોકરીઓને ૧૫૦ જેટલી મોટી સંખ્યામાં સાથે બેસવાનું મારા વર્ગમાં બનતું. જૂના અને અનુભવી અધ્યાપકોને મારા જેવા શરમાળ શિક્ષકની સફળતા માટે સહાનુભૂતિપૂર્વકની ચિંતા અને શંકા રહેતી. અંગ્રેજીના એક અનુભવી અધ્યાપકે તો મને ત્યાં સુધી કહેલું કે: ‘જીવનમાં સૌથી પ્રથમ વ્યાખ્યાન આપ્યું તેમાં તૈયાર કરી રાખેલું તે બધું જ બકી નાખ્યું હતું એટલું જ, બાકી ક્લાસરૂમ તો ચક્કર ચક્કર ફરતો રહ્યો હતો, આખા પિરિયડ દરમિયાન !’

પરંતુ આમાનું કશું જ ન થયું ને મેં મારું સૌ પ્રથમ જ નહિ, વર્ષભરનાં બધાં જ વ્યાખ્યાનો સૌના આશ્ચર્ય વચ્ચે શાંતિપૂર્વકના વાતાવરણમાં આપ્યાં. મને ક્યારેય વર્ગમાં માહિતી ઓછી કે

અધૂરી લાગી નહિ. જીભ ક્યારેય થોથરાઈ નહિ, બલકે એ બધું તો અસ્ખલિતરૂપે વહ્યાં કર્યું. ઈડરપંથકમાંથી જ ગુજરાતને મળી આવેલા સાહિત્યકાર પન્નાલાલ પટેલની અમરકૃતિ 'મળેલા જીવ' પ્રથમ વર્ષમાં અને નળાખ્યાન બીજા વર્ષમાં ભણાવવાનું હતું. પ્રથમ વર્ષના વર્ગોમાં ટાંકણી પડે તો પણ સંભળાય એટલી શાંતિથી ઈડર પ્રદેશની ભાષામાં પ્રગટ થયેલી નવલકથાનું સૌ રસપાન કરતાં. જ્યારે બીજા વર્ષના વર્ગોમાં ભીની આંખે નળાખ્યાનની શૃંગાર-કરુણકથાને માણતાં. એ બધું આજેય યાદ છે.

મારી કાઠિયાવાડી ભાષા, વિશિષ્ટ રજૂઆત અને સૌથી વિશેષ તો મારી લોકભારતીની વ્યવહારશૈલીએ મને ત્યાં સારું સ્થાન અપાવ્યું. હું ત્યાં ઘણી રીતે અલગ પડી જતો. છતાં મારા તદ્દન સરળ અને સહજ વ્યવહારોને કારણે મને અધ્યાપકો-વિદ્યાર્થીઓનો ખૂબ પ્રેમ મળ્યો. બાવળામાં મારો માર ખાઈનેય મને પ્રેમ કરતા છોકરાઓની જેમ અહીંના ડુંગરાળ પ્રદેશના ભરાડી અને પુખ્ત વયના વિદ્યાર્થીઓએ પણ મને ભાવપૂર્વક અપનાવ્યો હતો. તેમાં મને મારા છાત્રાલયજીવનની સંસ્કૃતિ મદદે આવી હોવાની ખાતરી છે.

આમ તો મેં વર્ષના આરંભે જ વિદ્યાર્થીઓને કહી દીધું હતું કે તમે સૌ હવે કૉલેજમાં આવ્યાં છો. વર્ગનોંધના તૈયાર કૉળિયા હું ભરાવીશ નહિ. શરૂમાં સૌને એ ખૂંચ્યું હતું. લગભગ બધા જ અધ્યાપકો વર્ગનોંધ આપતા હતા. કેટલાક અધ્યાપકોને દહેશત હતી કે મારી આ નીતિને લીધે હું અપ્રિય થઈશ. થોડો સમય ચણભણ થયા પછી સૌએ આગ્રહ છોડી દીધો હતો. મારી પદ્ધતિ જ એવી હતી કે સૌને ચાલુ વર્ગે નોંધ લેવાનું સરળ લાગે અને ગમે. મારા શિસ્ત વિશેના કેટલાક આગ્રહ હોઈ કોઈને નડતા. વર્ગની બહાર તેઓ ક્યારેક આખાબોલી શૈલીના જોરે મને સંભળાવી પણ દેતા. છતાં પાછું ચલાવીય લેતા.

મારા વર્ગમાં ચાલુ વર્ગે ગમે તે ક્ષણે પ્રશ્નો પૂછવાની છૂટ રહેતી. ક્યારેય કોઈ વિદ્યાર્થી અજાણપણે કે ટિખળપણે વ્યાખ્યાન-વિષયની બહારનો પ્રશ્ન ધારદાર અણી રાખીને પૂછતો ત્યારે બધાંના હાસ્ય વચ્ચે હું એનેય ટૂંકમાં જવાબી વળતો. ક્યારેક જ ભેગાં ભણવાનું થાય એવા મારા વર્ગમાં કોઈક વળી શૃંગાર વિષયક પ્રશ્નો પૂછીનેય વાતાવરણ ડખોળવા પ્રયત્ન કરતા ત્યારે જીવન વ્યવહારોમાં શૃંગારની અડખેપડખે જ રહેતા હાસ્ય, કરુણ જ નહિ, વાત્સલ્યના ભાવોનેય સંભારી આપીને હું એમનામાં કંઈક અંશે ઉચ્ચ કહી શકાય એવા ભાવો જગાડવા મથતો. મારેય મારા ભણતરને ઘસીને કસવું હતું. આ બધાં તો કસોટીના પથ્થરો હતા. એમણે જ ઘસાઈને મારા શિક્ષણ-સુવર્ણને ચકાસવાનું હતું ને !

એક વાર કૉલેજના એક સૌથી વધુ તોફાની વિદ્યાર્થીએ એવડી મોટી સંખ્યાની વચ્ચે મારી સામે કામઠાની પણછ ખેંચીને તીર તાક્યું ! જાણી જોઈને કેટલાક સવાલો કર્યા. જવાબો મળ્યા પછીય આડેધડ બીજા સવાલો ઊભા કરતો રહ્યો. છેવટે કંટાળીને મેં એને રૂમ છોડી જવા કહ્યું. એણે કહ્યું કે 'નહિ નીકળું જાવ !' એણે ઊભી કરેલી ચર્ચાઓના મેંયે ઉગ્રતાથી જ જવાબો આપ્યા હતા. એ વર્ગમાંથી જાય નહિ ને હું આગળ વર્ગ લઉં નહિ. આચાર્યને કહીને કે કોઈને બોલાવીને એને વર્ગ છોડાવવામાં મને રસ નહોતો. અમે બંને તાર્કિક રીતે જ અડી ગયા હતા. એને સંતોષ થાય તો એ જવા તૈયાર હતો. પણ સંતોષ થયાનું સ્વીકારતો જ નહોતો. એમાં એકાએક કંઈક મુદ્દે મારો તર્ક એને ગળે ઊતરી ગયો ને એ ઊભો થઈ ગયો. જતાં પહેલાં એ પ્રશ્નો પૂછવાના મેં જ આપેલા અધિકારને યાદ કરાવીને પોતાની ચેષ્ટાને એણે ન્યાયસંગત ગણાવી ! એ બાબતની સૂક્ષ્મ નોંધ હું લઈ શક્યો. ને તેથી જ, એને ખભે હાથ મૂકીને, પ્રાથમિકશાળાના કિશોરને મનાવતો હોઉં એ જ ભાવથી મેં એને રૂમ ન છોડવા કહ્યું ! મારી અધ્યાપકની જીતને હું મારા વિદ્યાર્થીની હારરૂપે સ્વીકારવા કે સહન કરવા તૈયાર નહોતો. આખો વર્ગ સ્તબ્ધ બનીને જોઈ રહ્યાનું યાદ છે. એ ભરાડી પછી તો મારો મિત્ર બની ગયો.

વર્ષાન્તે સૌના પ્રેમને વશ વર્તીને જરૂર પૂરતી, કહો ને કે કહેવા પૂરતી પરંતુ એમને સંતોષ થાય તેટલી ને તેવી વર્ગનોંધ પણ મેં લખાવી હતી.

ઈડરમાં બધી વાતે સુખ હતું. પરંતુ કેટલુંક કૃત્રિમ, આછકલું અને કંઈક અંશે અજુગતું લાગે એવું મને ત્યાં અવાર-નવાર જોવા મળતું. ભવિષ્યમાં લગભગ બધે જ આવું બધું તો સાવ સહજ અને રોજનું થઈ પડવાનું હતું એનો ખ્યાલ નહોતો. લોકભારતીનું દૂધ હજી મોઢે જ હતું. થોડો વ્યથિત થઈ ગયો. બાકી હતું તે, શ્રી જ.મ.શાહે સમોડા જોડાવા નિમંત્રણ આપ્યું. દોડવું'તું ને ઢાળ મળી ગયો. ઈડરિયો ગઢ જીતીનેય મેં બીજાને સોંપી દીધો. એટલું જ નહિ, સમોડામાં હજી તાજા જ ઠરેલા એવા ને જેનાથી હું તદ્દન અજાણ્યો હતો એવા, એકાદ વર્ષ પછી ભભૂકી ઊઠનારા અગ્નિ ઉપર વળી ગયેલી રાખને નિર્દોષભાવે ને શિક્ષણજીવનની આહલેકરૂપે ચોળી બેઠો. કૉલેજના આચાર્યશ્રીએ ઠપકો આપ્યો. સમોડા માટે એમને માન. એટલે રાજીનામું સ્વીકાર્યું પણ ખરું.

## સમોડા - થોડામાં ઘણું

૧૯૭૧-૭૨માં સમોડામાં જોડાયો. તે પહેલાં વૈચારિક મતભેદોનું એક વાતાવરણ ઊભરીને શમી ગયું હતું. મને એની જાણ નહોતી. મારા જોડાયા પછીના બીજા જ વર્ષે એ વાતાવરણ ફરી બગડ્યું. ઈડર ફરી વાર જવાની તક ઊભી થઈ હતી. પણ મુખ્ય મટીને મદદનીશ બનવાની તૈયારી નહોતી. ન ગયો. બીજે જ વર્ષે વાતાવરણ વધુ ડહોળાતાં હું નિષ્ક્રિય રહીને બધું જ જોયા કરવાને બદલે લગભગ અડધે સત્રે રાજીનામું આપીને ભાઈને ત્યાં અમદાવાદ જતો રહ્યો. જોકે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડતો હતો તેથી સત્ર પૂરું કરવા પૂરતું અને નવા સત્રથી અમલમાં આવે એ રીતનું રાજીનામું નવેસરથી આપીને રહ્યો. સમોડામાં લોકભારતીનું જ વાતાવરણ હતું. જીવનનાં ઉત્તમ ત્રણેક વર્ષો ત્યાં વીત્યાં. સંઘર્ષને બાદ કરતાં બાકીનું જીવન શિક્ષણ, છાત્રાલયનું કાર્ય વગેરેમાં રેડી દીધું. ઉપાચાર્યોનાં કાર્યો પણ મારે ભાગે આવતાં. લોકભારતીનાં શિક્ષણને અહીં સર્વાંગે મૂકવાની તક પ્રાપ્ત થઈ. અધ્યાપક, કાર્યકર અને ગૃહપતિ તરીકે સારા કહી શકાય એવા માર્ક્સ મેળવવામાં જ હતો. મારું મૂલ્યાંકન હું યથાશક્તિ જાતે જ કરતો રહેતો. મને સંતોષ હતો. પણ બેએક બાબતોએ મને બતાવી દીધું કે નાની એવી ગફલત પણ મને નાપાસ કરી શકશે......સંઘર્ષકાળ દરમિયાન સૈદ્ધાંતિક બાબતે ઉગ્રતાને બદલે, (આપણા પક્ષે એકંદર નૈતિકતા હોય તો પણ) તાટસ્થ્ય ને છેવટે મૌન પણ ઉપયોગી બની રહે છે. આ સૂક્ષ્મરેખા, ઓચિંતા જ ઈશ્વરકૃપાએ ત્યાં આવી ચડેલા આદરણીય શ્રી મણિભાઈ સંઘવીએ સમજાવી.......બીજી બાબત, બહુ ગંભીર નહિ એવી નાની હતી. પરંતુ મારા જેવા સતત પોતાની અંદર ડોકિયું કરતાં રહેનારા માટે મહત્ત્વની હતી. ઈડર કૉલેજ હું સ્વેચ્છાએ છોડીને આવ્યો હતો. એ બાબતનું ગૌરવ અને સજાગતા બન્ને હું ધરાવતો હોઈશ. મને એ દેખાતાં નહોતાં. મારા સદાય ટીકાકાર એવા કાર્યકર-અધ્યાપક કે જેઓ પણ કૉલેજના જ વાતાવરણમાંથી આવ્યા હતા, તેમને મારા આ 'ગુણવિશેષ'નો ખ્યાલ આવ્યો હશે. ફીશપોંડના કાર્યક્રમમાં સૌથી વધુ કટાક્ષો તે દિવસે મને મળ્યા. એમાં એક કાવ્ય પંક્તિનોય સમાવેશ થતો હતો – 'હું કરું હું કરું, એ જ અજ્ઞાનતા....'......આ બન્ને બાબતોએ મારામાં રહેલા શિક્ષકને વિદ્યાર્થી બનાવી દીધો. હું પાછળ ફરીને નવેસરથી, ખાંખાંખોળા કરીને, મને ઓળખવાનો પ્રયત્ન કરવા માંડ્યો.



**સમોડા ગ્રામવિદ્યાપીઠમાં બે મિત્રપરિવારો**

સંસ્થાઓ સામેથી છોડ્યાની બાબતને 'વ્યાવસાયિક હારાકીરી' ગણીને જ્યારે જ્યારે પણ કોઈએ ઠપકો આપ્યો છે ત્યારે પણ મને એ બાબતે પસ્તાવો થયો નથી. પછીનાં સાડા ત્રણ વર્ષ મજૂર મહાજનની નોકરીના અત્યંત ઓછા પગારને લીધે આર્થિક બાબતે હું લગભગ તૂટી ગયો હતો. ત્યારે પણ સંસ્થાઓમાં સમાધાન ન કરવાનો નિર્ણય મને સાલ્યો કે ડંખ્યો નહોતો.

## મા'જનમાં ! (૧૯૭૪થી ૧૯૭૭)

જ્યારે ક્યાંય ઠેકાણું ન પડે ત્યારે ઢોરને મા'જનને વંડે નાખવામાં આવે છે. સમોડા વિદ્યાપીઠ સામે ચાલીને છોડી દીધા પછી ત્રણ માસ સુધી ક્યાંય નોકરી મળી નહિ. દુનિયાનું ભાન થઈ ગયું જાણે. છેવટ જેમણે નોકરી અપાવી હતી આર્યોદય જીનીંગમાં, તે જ માસિયાઈ ભાઈ શંકરભાઈ મદદે આવ્યા. મજૂર મહાજન સંઘના મંત્રીશ્રી અરવિંદભાઈ બૂચને મળીને મને નોકરી અપાવી.

પણ આ મા'જન એ મહાજન હતું. સાચા અર્થમાં શિક્ષણ જગતની લીલાઓ જોઈ-અનુભવીને ધરાઈ ગયેલા મારા જેવાને મજૂર મહાજન સંઘ એક નવી ઊઘડતી ક્ષિતિજ જેવું હતું. ૧૯૭૪માં ત્યાં જોડાઈને ૨૦૦૨ સુધીનાં છેક નિવૃત્તિનાં, ૨૮ વર્ષ, શિક્ષણકાર્યનું જ્યાં આકંઠ પાન કરવાનું હતું. તેની શરૂઆત કરાવનાર મજૂર મહાજન મારે માટે નવી ઊઘડતી ક્ષિતિજનું હતું.

૧૯૧૪માં ગાંધીજીની અસરમાં આવીને, ઈંગ્લેન્ડથી આવીને, મજૂરોની ચાલીઓમાં બાલવાડીથી કામ શરૂ કરનાર, અમદાવાદના જાણીતા ઉદ્યોગપતિ શેઠ અંબાલાલ સારાભાઈનાં 'મોટાંબહેન' અનસૂયાબહેને વિશ્વભરમાં જાણીતી થયેલી મજૂર ચળવળની સાથે જ એ મહાજનની સ્થાપના કરી હતી. શંકરલાલ બેંકર પણ શરૂઆતથી જ એમાં સાથે હતા. એ પહેલાં દેશમાં કેટલીક જગ્યાએ મજૂરોનાં યુનિયનો થયાં હતાં – ભાદરવાના ભીંડા જેવાં. પણ ૧૯૧૮માં શરૂ થયેલું મજૂર મહાજન એ ભારતનું સૌથી જૂનું, અનેકવિધ કામગીરી કરનારું યુનિયન હતું. એનો ઇતિહાસ અતિ ઉજ્જવળ અને ભવ્ય છે.

- **પગારમાં ખુશી-નાખુશી**

અહીં મને લોકભારતીનાં શિક્ષણને કસવાની અને વધુમાં વધુ સાર્થક બનાવવાની તક મળી હતી. શિક્ષણક્ષેત્રના મારા અનુભવો અને મારી લેખનશૈલી મને અહીં પ્રવેશ આપવામાં મદદ કરી ગયાં. પરંતુ ત્યાંના અત્યંત નીચા પગાર ધોરણોને લીધે માસિક રૂપિયા ૨૬૦ પગાર મળવાનો હતો ! શ્રી બૂચસાહેબ દ્વારા લગભગ લડત કહી શકાય એવો પ્રયત્ન થયો. એટલે પાછલાં આઠ વર્ષનાં આઠ ઈન્ક્રિમેન્ટસ ગણીને, એક ઈજાફો રૂપિયા પાંચનો (!) એવા આઠ ઈજાફા ઉમેરીને, કુલ રૂપિયા ૩૦૦ પગાર કરી આપ્યો. એક સાથે આઠ ઈન્ક્રિમેન્ટ્સ લેનારો આ કોઈ આવ્યો છે, એવી ચણભણ મહાજનના મોટી સંખ્યાના કર્મચારીઓમાં થઈ પડી. મને જાણે અપવાદરૂપ પગાર આપવામાં આવ્યો હતો. જોકે હું જે છોડીને આવ્યો હતો તેનો અડધોય એ નહોતો.

- **પલાંઠી વાળી**

શ્રમિકોમાં કામ કરવાનો જે પ્રકાર મને મળ્યો હતો તેણે મારી વેદના ભુલાવી દીધી. બાળકોની દવાના પૈસા નહોતા. માંડ પૂરું થતું. એવા એ દિવસોમાં જમવાનું કે ઘેર જવાનુંય યાદ ન આવે એવી શિક્ષણની કામગીરીમાં ખૂંપી જવાનું થતું. મજૂર વિસ્તારોમાં ખાટલા પર બેસીને, ઓટલે કે ઓશરીમાં બેઠા બેઠા અને ક્યારેક તો ઊભા ઊભાય ભણાવવાની જે મજા લૂંટી છે એ જીવનભરની મૂડી બની રહી. અહીં સમયનું કે ભણાવવાના વિષયોનું બંધન નહોતું. હાજરીપત્રકો નહોતાં, બેલ નહોતો કે પરીક્ષાઓ પણ નહોતી. ચહેરા પર નક્કર જીવનના અનુભવોની રેખાઓ દોરીને આવનારાઓ, ન સમજાય કે ન ગમે એવી વાતને બીડીના ઠૂંઠાની જેમ ફેંકી દેતા હોય છે. અને જો વાતમાં અને વાત કરનારમાં રસ પડે તો કલાકો સુધી એકધારા બેસીને હોંકારો આપે છે. એટલું જ નહિ, વર્ષો પછી ક્યાંક મળી જાય તો એ વાતનો સાર કેટલો ઉપયોગમાં પોતે લીધો એ પ્રત્યક્ષ બતાવી આપીને શિક્ષણની સાર્થકતાનું પ્રમાણપત્ર આપણને આપી દે છે ! આ શિક્ષણમાં આપનારો કશું ઢોળ ચઢાવીને, અગડં બગડં આપી શકતો નથી. પોલું ને બોદું તરત જાહેર થઈ જાય છે.

મૂળશંકરભાઈએ એક વાર પત્રમાં મને લખ્યું હતું : 'શિક્ષણમાં વિદ્યાર્થીઓને ભણાવતાં ભણાવતાં આપણી જ ચોપડીનાં પાનાં ઊકલવા માંડે છે !' આ વાત મને અહીં આવીને ઊકલી ! હું તો આપવા કરતાં ઝાઝું પામતો હતો. ગામડાંનું કામ કરવા ન મળ્યું તેથી જે વસવસો હતો, તે વસવસો આ અનુભવની લિપિ ચહેરા પર લખીને લાવેલાં શ્રમિકોની સાથે રહીને ભણવા-ભણાવવામાં ખોવાઈ જતો હતો.

એક વાર તો, આવા જ એક વર્ગમાં સહકાર્યકર્તાઓ, ખબર નહિ કઈ યોજનાથી, આઘાપાછા થઈ ગયા. મારે જ ભણાવવાનું અને મારે જ નાસ્તો પીરસવાનો. એકાદ-બેની મદદ લઈને નાસ્તો તો પીરસ્યો, પણ ડીશો ખૂટી પડી. સાવ હળવે હૈયે મેં એ બધા શ્રમિકોની એંઠી ડીશો સાફ કરીને એમાં નાસ્તો પીરસ્યો. મારું જોઈને બાકીનાઓએ પણ ખાલી ડીશો સાફ કરી, ને આવનારા બીજાઓ માટે સગવડ કરી આપી. ને એમ ફરી ભણાવવાનું શરૂ કર્યું. શરૂમાં આ બધું મનમાં ચચર્યું. પરંતુ આને અવૈધિક શિક્ષણનો જ ભાગ ગણીને પ્રસંગ પાર પાડ્યો.

શ્રમિક વિદ્યાપીઠમાં ડાયરેક્ટર બન્યા પછી પણ ત્રીજે માળે મારી ઓફિસે ફર્નિચર, સિલાઈ મશીનો, કેટલોક વજનદાર સામાન ચડાવવા-ઉતારવાનો થાય ત્યારે પટાવાળાને ટેકો આપવાનું કે

એકલા ઉપાડીને લાવવા લઈ જવાનું બહુ સહજતાથી, શરમ–સંકોચ વિના હું કરી શકતો. મારી સાથેના, યુનિવર્સિટી ભવનના પ્રોફેસરોને આ દૃશ્યો સમજાતાં નહિ.

- **દ્રાક્ષ ખાટી રહી**

મહાજનનાં, વિસ્તારોમાં જતાં-આવતાં અધિકારીઓ, આગેવાનો જાતજાતનો નાસ્તો કરે. એ સર્વસાધારણ બાબત ગણાતી. એક વખત હુંય એ મહાનુભવોની સાથે મોટરમાં હતો. એક સર્વોચ્ચ અધિકારીએ મને કહ્યું- 'વ્યાસ, થોડી દ્રાક્ષ લેતા આવશો ?' ગાડી રોકી. થોડે દૂર જઈને હું પાછો આવ્યો. પાછા વળીને હું તો પૂછી બેઠો – 'કેટલી લાવું ?' સૌ ખડખડાટ હસી પડ્યા. એકે કહ્યું – 'તમને ઠીક પડે તેટલી લાવો, બીજું શું ?' બીજાએ કહ્યું – 'વ્યાસને તૈયાર થતાં બહુ વાર લાગશે !' હું તો માંડ ૫૦૦-૭૦૦ ગ્રામ લાવ્યો હોઈશ ! ઓફિસ આવતાં સુધી સૌએ ભાગે આવેલા દાણા ઓર્યા કર્યા, મારી દયા ખાતાં ખાતાં. એટલી જ રકમનું બિલ મેં જ્યારે રજૂ કર્યું ત્યારે હિસાબનીશ પણ હસી પડ્યાનું યાદ છે !

- **સંબંધ બચાવ્યો**

૬૦મો મજૂર દિવસ ધામધૂમથી ઊજવવાનો હતો. એક સિનિયર અધિકારી સાથે હું સરઘસ અને સમગ્ર સુશોભન કાર્યોનો ઈન્ચાર્જ હતો. મેં જ પસંદ કરેલા આર્ટિસ્ટને કામ મળ્યું હતું. હજારો રૂપિયા ખર્ચાયા હતા. રંગેચંગે બધું પૂરું થયા પછી અધિકારીઓ દ્વારા મને ઘણો યશ મળ્યો. પણ આર્ટિસ્ટ કે જેઓ મારા જ મિત્ર જેવા હતા તેઓએ મને એક બાજુ બોલાવીને 'હિસાબ સમજવા' કહ્યું. હું કાંઈ સમજ્યો નહિ. એણે ફોડ પાડીને સીધી રકમ જ મારા હાથમાં મૂકવા આગળ ધરી ! એણે, જાણે મને ભૂંડાબોલી ગાળ દીધી હોય તેમ સોસવાઈ જઈને હું બોલી પડ્યો – 'પૈસા પાછા લઈ લો છો કે હું આપણા સંબંધો પાછા ખેંચી લઉં ?' એમણે સંબંધને જ બચાવી લીધો.

- **પ્રેમામૃત**

એ વર્ષે મજૂરદિન (૪થી ડિસેમ્બર)ની ઉજવણીમાં એક ભૂલ હું કરી રહ્યો હતો. મહાજનમાં બપોરે ૧૨થી ૪ હંમેશાં રિસેસ રહે. અમારે મજૂરદિનની તૈયારીમાં કામ બહુ રહે. હું અને મારા સિનિયર અવારનવાર હોટલ કે લોજમાં જમવા જતા. (ખર્ચ સંસ્થામાં નખાતો) બ્રાહ્મણના શાપિત ખોળિયામાં આ એક બાંકોરું હશે. તેને સાથીઓએ – જમ્યા પછી પેટ વિકસે એમ – ક્યારે વિકસાવી દીધું એનું ભાન જ ન રહ્યું. પ્રેમજી મકવાણા નામના એક રમૂજી ને આખાબોલા કાર્યકરના ધ્યાનમાં આ આવી ગયેલું. મારા માટે એને સારો ભાવ. પણ એક દિવસ ઘણા કાર્યકરોની વચ્ચે અમારી વાત

કાઢીને સચોટ શૈલીમાં કહ્યું : 'આ ***ભાઈને અને આ વ્યાસને તો ઘેર ખાવું ને ઝેર ખાવું બરોબર છે !!' તે દી' એ ઝેરનો કટોરો મારા માટે અમૃત સમાન બની ગયો ! સાથીઓને ખરાબ ન લાગે એ રીતે મેં બહાર જમવાનું બંધ કરી દીધું.

**ઈલકાબો મળ્યા** : મજૂરી કરતાં કરતાં આગળ વધીને કેન્દ્ર સરકારમાં મિનિસ્ટર બનેલા આબિદ અલીનું એક જાણીતું પુસ્તક હતું – 'મજૂરમાંથી મિનિસ્ટર' મને એને આધારે એક ઈલકાબ મળ્યો હતો – 'પ્રોફેસરમાંથી પ્યૂન !' મોટે ભાગે રમૂજી અને રમતિયાળ વાતાવરણમાં મને આ બાબત કઠતી નહિ.

**અરજી કરી** : મજૂર મહાજનમાં ત્રણેક વર્ષ અત્યંત સંતોષ સાથે પસાર કર્યાં. પણ ચોરસ ખીલા જેવું મારું વ્યક્તિત્વ સેટ થવા દે તેમ નહોતું. આર્થિક પરિસ્થિતિ તો કનડતી હતી જ. પગારનો આંકડો રૂપિયા ૪૧૮ પર પહોંચ્યો હતો. બે રૂપિયાનો વધારો થઈ જાય એવું ઘણાં ઈચ્છતા હતાં ! પણ મારી તીવ્ર પ્રાર્થનાઓ ક્યાંક સંભળાઈ હશે જ. ભારત સરકારની યોજના – શ્રમિક વિદ્યાપીઠમાં કાર્યક્રમ અધિકારીની જગ્યા માટેની જાહેરાત આવતાં મેં અરજી કરી.


મારા સ્વભાવ મુજબ મેં બૂચસાહેબને પૂછયું. તેમના સ્વભાવ મુજબ તેઓ ખીજાઈ ગયા: 'વિદ્યાપીઠનો વિદ્યાર્થી પૈસા પાછળ દોડે છે ?' મેં કહ્યું કે 'ત્યાંયે શ્રમિકોનું જ કામ છે ને ? તેમણે દલીલ સ્વીકારી નહિ. હું તો હા નથી પાડતો, એવો ઈશારો કર્યો. મારે માટે એમને ઘણી આશા-અપેક્ષા હતી. ૧૯૨૦થી એકધારું પ્રગટ થતું મુખપત્ર 'મજૂર સંદેશ' મજૂર સંગઠનોના ઇતિહાસનું મહત્ત્વનું અને ઐતિહાસિક મૂલ્ય ધરાવતું હતું. તેનું સંચાલન આપણા મનુભાઈ દવેના મોટાભાઈ ભાનુભાઈ દવે સંભાળતા હતા. તે મને સોંપવાની તેમની (બૂચસાહેબની) ઇચ્છા હતી. મને આર્થિક ટેકો કરવા માટે મારાં પત્નીને આંગણવાડી પણ ઘરઆંગણે કરાવી આપી હતી. પરંતુ એ બધું બે છેડા ભેગા કરવા માટે પૂરતું નહોતું. આર્થિક પરિસ્થિતિ અને વ્યાસને 'તૈયાર' થતાં નહિ આવડેવાળી વાત મને મૂંઝવતી હતી. છેવટે માસીયાઈ મોટાભાઈ પાસે જઈને અકળામણ વ્યક્ત કરી. તેમણે જે કહ્યું તેણે મને ઝંઝેડી નાખ્યો. કહે: 'મને એમ હતું કે તને બધું ફાવી જશે.' આ સર્ટિફિકેટ મારે માટે અસહ્ય થઈ પડ્યું. તે જ વખતે એમ થયું કે નવી નોકરી મળી જાય તો સારુ !

ભાઈઓની બાબતમાં મારા જેવો સુખી કોઈ નહિ હોય. મારા આદર્શ-મૂર્તિ મારાં ફૈબાના દીકરા વનમાળીભાઈ. એમણે ગાંધીદર્શન આપ્યું. મારા સગા મોટાભાઈ અમૃતલાલ (બાબુભાઈ) ભાવનગર જિલ્લાના તલાટી-મંત્રી-સર્કલ. ગાંધીવાદ જાણે નહિ. પણ વનમાળીભાઈના સ્પર્શે રેવન્યૂ ખાતામાંય અણિશુદ્ધ રહ્યા. માતા વિનાનો મને ઉછેર્યો; વચેટભાઈ ભાસ્કરભાઈએ મિલમાં નોકરી કરી

ને મારા જીવનવણાટમાં મજબૂત પોત કરી આપ્યું. ને માસિયાઈ ભાઈએ બબ્બે વાર નોકરી અપાવી.

**મંગળ બની ગેરહાજરી** : ઇન્ટર્વ્યૂ નીકળ્યો ત્યારે નક્કી કર્યું હતું કે બૂચસાહેબની મંજૂરી ગળે પડીનેય લેવી. પછી જ ઇન્ટર્વ્યૂ આપવા જવું. રવિવારે ઇન્ટર્વ્યૂ હતો. શનિવારે એમના પી.એ.ને મળવા ગયો ત્યારે જાણ્યું કે તેઓ જૂનાગઢ ગયા છે. 'ક્યારે આવશે ?'ના જવાબમાં મંગળવારનું ઉચ્ચારણ થયું. ટેલિફાન પર મળવાનું શક્ય નહોતું. તે વર્ષોમાં એ સેવા હાથવગી પણ નહોતી. એટલે મંગળવાર સુધીની ગેરહાજરીને મંગળ ગણીને રવિવારે ઈન્ટરવ્યૂ આપ્યો. તેજસ્વી, વગવાળા અને અપટુડેટ એવાં ૨૦થી પણ વધુ ઉમેદવારો વચ્ચે સાવ લઘરવઘર એવો હું પસંદ થઈ ગયો ! મજૂર મહાજનની મારી નોકરીનો અનુભવ, વ્યાવસાયિક તાલીમ વર્ગોનું મારું મૌલિક આયોજન, સફળ સંચાલન અને લોકભારતી-ગુજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થાઓનું માતૃત્વ મને અરઘાવનારાં હતાં. મને અરઘાવનારાં તત્ત્વોએ મને એક અતિ ઉચ્ચ કક્ષાની અને અનેક શક્યતાઓથી ભરેલી શિણક્ષયોજનાને ઉંબરે લાવી મૂક્યો. મારા જીવનનું એક અત્યંત તેજસ્વી પ્રકરણ શરૂ કરવા, મારા શિક્ષણને અને મારા ભાવજગતને વહેંચવાની, મૂલવવાની અને ખુદને વધુને વધુ વિકસાવવાની તક પૂરી પાડી.

બૂચસાહેબને જાણ થઈ ગઈ હતી. ત્યાં રહીનેય મજૂર મહાજનનાં ઘણાં કામમાં મદદરૂપ બની શકવાનો હતો. (બન્યો પણ હતો. આરંભનાં વર્ષોમાં ચાલેલા તાલીમ વર્ગોમાં સૌથી વધુ વર્ગો મજૂર મહાજનના કાર્યક્ષેત્રમાં જ ચલાવ્યા હતા.) છતાં મહાજનનું કામ છોડીને મેં જાણે બરાબર નથી કર્યું એવી ભાવના તેમના મનમાં લાંબો સમય રહી.




**શ્રમિક વિદ્યાપીઠમાં**

## સાચા અર્થમાં મુક્ત શિક્ષણ :

- **શ્રમિકોની ઓપન યુનિવર્સિટી – શ્રમિક વિદ્યાપીઠ.**

યુનેસ્કો પાસેથી ભારત સરકારે સ્વીકારેલી એક નવતર યોજના Polyvalent Adult Education for Industrial workers (શ્રમિક વિદ્યાપીઠ) ૧૯૬૭માં મુંબઈમાં શરૂ થઈ હતી. એક સામાજિક સંસ્થાને ૧૦૦% ગ્રાન્ટ આપીને તેનું સંચાલન સોંપ્યું હતું. પ્રયોગની સફળતા બાદ ૧૦ વર્ષે ૧૯૭૫માં બીજું કેન્દ્ર દિલ્હીમાં ભારત સરકારની સીધી દેખરેખ હેઠળ અને ત્રીજું કેન્દ્ર અમદાવાદમાં ૧૯૭૬માં ગુજરાત યુનિવર્સિટીના સંચાલન હેઠળ શરૂ કરવામાં આવ્યું. ૧૦૦% ગ્રાન્ટથી ચાલતાં આવાં કેન્દ્રની સંખ્યા આજે ૩૦૦થી વધુ છે. ભારતનાં બધાં જ મુખ્ય શહેરોમાં એની સ્થાપના થયેલી છે. ગુજરાતમાં વડોદરા, સુરત અને ભરૂચ વગેરેમાં પણ આ કેન્દ્રો કાર્યરત છે.

અમદાવાદનું કેન્દ્ર સૌથી જૂનામાં જૂનું અને યુનિવર્સિટી દ્વારા સંચાલિત એવું પ્રથમ હતું. એને પ્રયોગરૂપે જ અનેક આશાઓ સાથે યુનિવર્સિટી નીચે મૂકવામાં આવ્યું હતું. સંપૂર્ણ રીતે અવૈધિક એવું આ કેન્દ્ર યુનિવર્સિટી જેવી, ભલે ચૂસ્ત ઔપચારિકતા ધરાવતી, પરંતુ શૈક્ષણિક સાધનોથી સજ્જ અને અનુભવી શિક્ષણ સંસ્થા નીચે કાર્યરત બને તો આ નવતર યોજનાનો વધુમાં વધુ લાભ લઈ શકાય એવી ગણતરી હતી.

- **સમગ્ર યોજનામાં અમદાવાદનું કેન્દ્ર.**

આ સંસ્થામાં સર્વોચ્ચ સ્થાન ડાયરેક્ટરનું ગણાય પરંતુ અતિ મહત્ત્વનું સ્થાન કાર્યક્રમ અધિકારીનું છે. કેન્દ્ર શરૂ થયાં પછી પ્રથમ કાર્યક્રમ અધિકારી તરીકે મેં બારેક વર્ષ કામ કર્યું. દિલ્હીનું કેન્દ્ર અમદાવાદથી એક વર્ષ પહેલાનું પણ એની વ્યવસ્થિત કામગીરી વર્ષો પછી શરૂ થઈ. એટલે ભારતમાં કેટલીક વિશિષ્ટ પ્રણાલિકાઓ પ્રસ્થાપિત કરવાનું મહત્ત્વનું કાર્ય અમારે ભાગે આવ્યું. ગુજરાત યુનિવર્સિટીના નેજા હેઠળ ચાલતું હોઈ એના કેટલાક લાભો પણ આ યોજનાને મળ્યા. જેનું મૂલ્ય રાષ્ટ્રીયકક્ષાએ સ્વીકારાયું. અમદાવાદ કેન્દ્રની કરકસર, સાદગી, કર્મચારીઓનો સંપ, ઝીણું કાંતીને યોજનાનાં પાયાનાં તત્ત્વોને જ મહત્ત્વ આપવાનો અને એને જ વળગી રહેવાનો આગ્રહ, અમારા સૌનું ચોખલિયાપણું રાષ્ટ્રીયકક્ષાએ ક્યારેક વખણાયું અને ક્યારેક વખોડાયું પણ ખરું.

શરૂઆતનાં વર્ષોમાં શ્રમિક વિદ્યાપીઠના પાયામાં જે જે બાબતો હતી તેને અમે વળગી રહ્યા. આમાં મારા વ્યક્તિગત આગ્રહો પણ કામ કરતા. જેમ કે અભ્યાસક્રમો, આધાર સાહિત્ય તૈયાર કરવાં, મૂલ્યાંકન માટે, ફોલોઅપ માટે, વિગતોમાં ઊતરવું વગેરે. શ્રમિક વિદ્યાપીઠનું લક્ષ્યજૂથ શ્રમિકો હતા. તેમને ધ્યાનમાં રાખીને સમાન ગુણધર્મી તાલીમજૂથો મેળવવાં, ન મળે તો તૈયાર કરવાં, એ કામ ખૂબ અઘરું હતું. ધીમે ધીમે રાષ્ટ્રીયકક્ષાએ તમામ કેન્દ્રોમાં આ બધા આગ્રહો સામે સમાજમાં નીચલા વર્ગોનાં સૌ કોઈને આવરી લેવાનું વલણ ચાલ્યું. બહેનોના વર્ગોની માંગ સ્વાભાવિક રીતે વધુ રહે. રિપોર્ટમાં સંખ્યા બતાવવા માટે તે અનુકૂળ પણ પડે. તેથી તેમના વર્ગો વધતા ગયા. પરંતુ એમાં 'પોલીવેલન્સી'નો અવકાશ ઓછો હતો.

આ બધાં ઉપરાંત મૂલ્યાંકન માટેના અહેવાલો વગેરે લંબાણ ભર્યું હતું. જેમ જેમ કેન્દ્રો વધતાં ગયાં, તેમ તેમ આ બધું અઘરું જણાયું. પરિણામ એ આવ્યું કે અહેવાલોમાં આંકડા વધુ રહી ગયા ! શ્રમિકોની સાથે સાથે અન્ય સૌ નીચલા વર્ગો (આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે)નો સમાવેશ થયો. એટલું જ નહિ ૨૦૦૦ની સાલ સુધીમાં તો 'શ્રમિક વિદ્યાપીઠ' નામ બદલીને 'જનશિક્ષણ સંસ્થાન' નક્કી થઈ ગયું. અક્ષરજ્ઞાન જરૂર પૂરતું હતું. તેને બદલે ફરજિયાત થયું. ગ્રાંટ અઢી ગણી થઈ.

અમદાવાદ કેન્દ્રમાં અમે સંખ્યા કરતાં ગુણવત્તાને વધુ મહત્ત્વ આપતા હતા. છતાં રાષ્ટ્રીયકક્ષાએ અમે પાછા પડતા ન હતા. આંકડાઓની માયાજાળમાં અમે ન પડ્યા. સૌથી ઉપર જેમના નંબરો રહેતા હતા તેમના કેટલાકના આંકડા ઘણા મોટા રહેતા. અમે એ મોહજાળથી ક્યારેય લોભાયા નહિ ! આને હું અમારી ઠંડી તાકાત માનું છું. છેલ્લાં પાંચ વષોમાં અમારી ગ્રાન્ટ સાવ અટકી ગઈ હતી. ત્યારે પણ અમારો પ્રગતિઆંક દર વર્ષે ઉપર જ ચડતો રહ્યો હતો !

- **એક લાખથી વધુ શ્રમિકોને તાલીમ**

૧૯૭૭ના નવેમ્બરમાં હું શ્રમિક વિદ્યાપીઠમાં જોડાયો. એપ્રિલ ૨૦૦૨માં નિવૃત્ત થયો. ૨૪ વર્ષમાં બાર વર્ષ કાર્યક્રમ અધિકારી તરીકે અને બાર વર્ષ નિયામક તરીકે કામ કર્યું. આ ૨૪ વર્ષોમાં પ્રાયોગિક અને સૈદ્ધાંતિક બન્નેના સમાવેશવાળા એક અઠવાડિયાથી માંડીને ૬ માસ સુધીના વિવિધ વિષયોના તાલીમ વગોની કુલ સંખ્યા ૩૦૫૫ની હતી. કુલ ૬૬,૫૨૫ તાલીમાથીઓએ તાલીમ લીધી. ૧૯૯૦ પછી ૧થી ૩ દિવસના સૈદ્ધાંતિક પ્રકારની જાણકારીના વર્ગો, જેને અમે 'એક્ટીવીટી' કહીએ છીએ, તેની કુલ સંખ્યા ૮૨૫ હતી. જેમાં ૪૯,૦૧૪ લોકોએ લાભ લીધો. આ દૃષ્ટિએ મારા સમય દરમિયાન કુલ ૧ લાખ ને ૧૫ હજારથી વધુ લોકોને શિક્ષણ આપવાનો લાભ મળ્યો.

- **૨૫૦થી વધુ વિષયો અને વર્ગીકરણ**

આરંભનાં વર્ષોમાં તાલીમવર્ગોના ૨૫૦થી પણ વધુ વિષયોનું વ્યવસ્થિત વર્ગીકરણ નહોતું. દિલ્હીના અધિકારીઓની ચર્ચા અને યુનિવર્સિટીમાં રહીને કામ કર્યાના અનુભવે હું વિષયોના વર્ગીકરણમાં સ્પષ્ટ થતો જતો હતો.

શરૂમાં મેં ત્રણ વિભાગો પાડ્યા હતા. તેમાં ૨૫૦ વિષયોનો સમાવેશ કર્યો. આ ત્રણ વિભાગોમાં ચોથો અક્ષરજ્ઞાનનો ઉમેર્યો. પછી તો આ ચાર ક્ષેત્રો મુજબનું વર્ગીકરણ જ વર્ષો સુધી અમલમાં રહ્યું.

આ ત્રણ વિભાગો તે, (૧) શ્રમિકો જે જે કામ કરતા હોય તે કામમાં તેમની કાર્યકુશળતા અને કાર્યક્ષમતા વધાનારા વર્ગો. (૨) પૂરક આવક કે રોજી માટેના નવી કાર્યકુશળતા આપનારા વર્ગો અને (૩) સામાન્યજ્ઞાન વિષયક વર્ગો.

આગળ જતાં મેં આ ત્રીજા વિભાગના વર્ગોનું અતિ સૂક્ષ્મ વર્ગીકરણ પણ કર્યું. જેની સૂક્ષ્મતા ઘણાને સમજાતી પણ નહિ.

- **ત્રિપદીના ચાલકો માટે ત્રિવિધક્ષેત્રોની તાલીમ**

બાળકોને સ્કૂલે મૂકવા જતા અમદાવાદના સાયકલ રિક્ષાવાળાઓ માટેનો ત્રિવિધ દૃષ્ટિકોણથી 'ત્રિપદા' નામનો એક પ્રોજેક્ટ મેં બનાવ્યો હતો, જેમાં ઉત્તર ભારતના એક જ ઓરડીમાં મોટી સંખ્યામાં રહેતા ને જાતે રાંધી ખાતા યુવાનોનું સમાન ગુણધર્મી જૂથ તાલીમાર્થી તરીકે હતું. ટ્રાફિકના નિયમો, રિક્ષા રિપેરિંગ, આરોગ્ય, જાતીય શિક્ષણ, બાળમાનસ, અથાણાં ને કેટલીક પૌષ્ટિક વાનગીઓ બનાવવી વગેરે જેવા વિષયો તેમને શીખવ્યા.

તાલીમાર્થીઓની અનુકૂળતા મુજબ આ વર્ગ તેમનાં ઝૂંપડાં પાસે રાતના ૯-૩૦થી ૧૧-૦૦ વાગ્યા સુધી ચાલતો. આરોગ્ય, અથાણાં બનાવવાં, બાળમાનસ વગેરે જેવા વિષયોના નિષ્ણાતો તરીકે બહેનો તેમના વિસ્તાર ઘાટલોડિયા સુધી હોંશે હોંશે આવતાં.

મણિનગરના ઓટોરિક્ષાવાળાઓ માટેનો વર્ગ તો રાતે ૧૦ વાગે ચાલુ થતો. એ લોકો સામે ચાલીને કહેતા કે અમે તો મણિનગરના રિક્ષાવાળાઓ છીએ, અમારી 'ખ્યાતિ' ફેલાયેલી છે. એ વર્ગનું સંચાલન બાજુના વિસ્તારનાં એક બહેન કરતાં હતાં. એમને રાતે ૧૧-૩૦ વાગે એ જ 'ખ્યાતનામ' રિક્ષાવાળાઓ એમને ઘેર મૂકવા જતા હતા !

## વીરા ભગતની ચાલીમાં એક માસની સર્વાંગી તાલીમ

લોકભારતી, મજૂર મહાજન અને શ્રમિક વિદ્યાપીઠ ત્રણેય સંસ્થાઓની સંયુક્ત પ્રવૃત્તિ જેવો એક બૃહદ પ્રોજેક્ટ ૧૯૭૮માં મેં હાથ ધર્યો હતો. ૧૯૭૨માં ઔરંગાબાદમાં ફેમિલી પ્લાનિંગ વિભાગ તરફથી ૧૫-૨૦ દંપતીઓ માટે એક શિબિર થયો હતો. જેમાં ૧૫ દિવસ સૌએ સાથે રહીને એ વિષયનું જ્ઞાન મેળવ્યું હતું. આ રિપોર્ટ મેં ૧૦૭૫માં મજૂર મહાજનમાં વાંચ્યો. એને આધારે ૧૦ દંપતીઓનો અનેક વિષયોને આવરી લેનારો એક તાલીમવર્ગ મજૂર મહાજન સંઘ દ્વારા રાયપુર મિલના સહયોગથી ગોઠવ્યો હતો. એમાં શ્રી શંકરલાલ બેંકર પણ ઉત્સાહપૂર્વક ભણાવવા આવ્યા હતા.

પરંતુ એ અત્યંત મર્યાદિત સમય અને સાધનોવાળો ફક્ત તાલીમવર્ગ હતો. એક સર્વાંગી વિકાસ માટેનો રેસિડેન્શિયલ પ્રકારનો અને આખા વિસ્તારને આવરી લેનારા પ્રોજેક્ટ માટે ઝંખના રહ્યા કરતી હતી. છેવટે શ્રમિક વિદ્યાપીઠ, સ્લમ ક્લિયરન્સ બોર્ડ, ભારત સેવક સમાજ અને ફેમિલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઇન્ડિયા દ્વારા સંયુક્તરૂપે એક માસનો પ્રોજેક્ટ મેં કાગળ પર તૈયાર કર્યો. સરસપુરની વીરા ભગતની ચાલીમાં ૨૫૦ મકાનો, ૭૦% હરિજનો, બાકીના રબારીઓ અને ઠાકોરો. ૧૨૦૦ જેટલી વસતી.

શ્રી બાબુભાઈ વાસણવાળા અને શ્રી અશોકભાઈ ભટ્ટ આ પ્રોજેક્ટમાં સાથીદારો હતા. અનેક સંસ્થાઓમાંથી સાધન સામગ્રી, નાણાકીય સહયોગ, નિષ્ણાત વ્યક્તિઓની સેવા વગેરે ભેગું કર્યું હતું. આખી ચાલીના માણસો બેસી શકે તેવો લોખંડના પાઈપનો મોટો મંડપ પી.ડબલ્યૂ.ડી. તરફથી પૂરા મહિના માટે મળ્યો હતો.

સવારના ૫-૩૦ વાગે પ્રભાતફેરીથી કાયક્રમો શરૂ થતા. સવાર, બપોર, સાંજ જુદાં જુદાં વયજૂથો મુજબ વર્ગો ચાલતા. બપોરે બે કલાક મંડપમાં મોટી સંખ્યા સમક્ષ વ્યાખ્યાનો ચાલે. રમતો, હરીફાઈઓ પણ ચાલે. રાતે સાંસ્કૃતિક કાર્યક્રમો ૧૧ વાગ્યા સુધી ચાલે.

ચાલીસથીય વધુ વિષયોની તાલીમ અપાઈ હતી. અનેક પ્રકારની વ્યાવસાયિક તાલીમ પણ હતી. એક દિવસ એક વક્તાએ કહ્યું કે શિક્ષકો (બ્રાહ્મણો) હરિજનવાસમાં ભજન કરવા (ભણાવવા) આવ્યા છે. તુલસીક્યારાની ને આંગણું લીંપવાની વાતો થઈ હશે. બીજે અઠવાડિયે ૨૫૦ મકાનોની આખી ચાલી છાણમાટીથી લીંપીને ચકચકાટ કરી દેવામાં આવી હતી ! ગૃહસુશોભન હરીફાઈ ગોઠવી. તો એકએક ઘર જાણે લગ્ન ઊજવાતાં હોય તેવાં સુંદર શણગારાયાં !

સમગ્ર આયોજન મારા અનુભવની નીપજ હતી. વીરબાળાબહેન ઋષિએ સંચાલન ઉપાડી લીધું હતું. ચારેય સંસ્થાઓની મદદ હતી. મુખ્યમંત્રી શ્રીબાબુભાઈ જ. પટેલ બે વાર આવી ગયા. સ્પીકર શ્રી કુંદનલાલ ધોળકિયા પણ આવ્યા. અનેક મંત્રીઓ, ઉચ્ચકક્ષાના અધિકારીઓ, વિદ્વાનો, સાહિત્યકારો, સામાજિક-શૈક્ષણિકક્ષેત્રના આગેવાનો, હોંશે હોંશે આવ્યા. પોતાના અનુભવોનો લાભ પણ આપ્યો. 'રચના' મહિલા મંડળ પણ સ્થપાયું. ને એમણે પોણા બે લાખનું ભંડોળ કરીને વહીવટ પણ કર્યો.

અમદાવાદનાં બધાં જ સ્થાનિક ને રાષ્ટ્રીય અખબારોને કૉલમ ભરીભરીને પ્રોજેક્ટને પ્રચાર્યો, ઊજળો કરી દેખાડ્યો. શ્રમિક વિદ્યાપીઠ માટે આ એક કીંમતી અનુભવ હતો.

- **કોલસા વચ્ચે હીરાનો ઝગમગાટ.**

ભંગી કોમમાંય કદાચ છેવાડાની ગણાય એવી એક નાડિયા કોમ અસારવા વિસ્તારની એમની એક ચાલીમાં વસે. એ આખી કોમનાં સભ્યો મોટે ભાગે મિલોમાં બોઈલર ખાતામાં મજૂરી કરે. કોલસા ભાંગવાનું કામ. ભણતર નહિવત્. એનાથી ઉપરનું કામ, બોઈલર એટેન્ડન્ટની મદદમાં બોઈલરમાં કોલસા નાખવાનું કામ ગણાય.

એમની સાથે એક સાંજે મિટિંગ થઈ. સમાન ગુણધર્મો જૂથ તરીકે એમના જ વ્યવસાયની કાર્યક્ષમતા વધે તેવા વર્ગોનો અભ્યાસક્રમ મેં તૈયાર કર્યો. તેમાં બોઈલરનીય વિગતો સૈદ્ધાંતિકરૂપે સમાવિષ્ટ કરી હતી. નિષ્ણાતો તરીકે મિલના એન્જિનિયરોને, સુપરવાઈઝરોને વગેરેને લીધા. ઉત્પાદકતા પણ ભણાવી. ઉત્પાદકતામાં કોલસાનું મહત્ત્વ શું છે તે મજૂરોને ગળે ઉતાર્યું એટલે અધિકારીઓનો કામમાં રસ જાગતો જણાયો. જાણકાર અને નિષ્ઠાવાન મજૂર વડે ઉદ્યોગ શોભે છે ને સમૃદ્ધ બને છે તે વાત મિલના અધિકારીઓને પણ સમજાઈ, આપોઆપ. તાલીમબાદ સૌને પ્રમાણપત્રો પણ અપાયાં.

પરિણામ એ આવ્યું કે કોલસા ભાંગનાર તરીકે મજૂરી કરતા કેટલાકને ઊપલી જગ્યા ઉપર પ્રમોશન મળ્યું ! એમાંથી ઊપલી કામગીરીવાળાઓ માટે એક બીજો વર્ગ કરવાનું સૂઝ્યું. અભ્યાસક્રમ બનાવ્યો ને ભણાવ્યોય. એમાંય ન ધાર્યાં પરિણામો મળ્યાં. થોડું ભણેલા હતા તેમને બોઈલર આસિસ્ટન્ટ તરીકેની લાયકાત મળી ને એકાદ બે બઢતી પણ પામ્યા !

કૃષિ ને કવિતાનો માણસ કોલસા સુધી જઈ પહોંચ્યો. કોલસાની દલાલીમાં હાથ કાળા થવાને બદલે આંગળીઓ કળા કરતી થઈ. મારી કામગીરીના વ્યાપને હું ત્યારબાદ 'કોલસાથી કવિતા સુધી' ગણાવી સંક્ષિપ્તમાં સમજાવી શકતો.

- **જેલમાં કેદીઓની કમાલ.**

શ્રમિક વિદ્યાપીઠની તાલીમની એક ખાસ વિશેષતાને હું સાવ તળપદી ભાષામાં રજૂ કરતો. 'આજે શીખો, કાલથી ઉપયોગમાં લો' એવી શિક્ષણની એ યોજના છે. શીખનારની દાનત સારી હોય તો કેવાં સુંદર પરિણામો આવી શકે છે તેનું એક ઉદાહરણ પણ આપી જ દઉં :

અમદાવાદની સાબરમતી જેલના કેદીઓ માટે બેકરીની તાલીમ આપવાની માગણી આવી. અભ્યાસક્રમ તૈયાર કરેલો જ હતો. કેદીઓને લગતી બેએક બાબતો પૂરતો ફેરફાર કરીને રજૂ કરી દીધો. જેલ સત્તાવાળાની મંજૂરી આવી ગઈ પણ મુખ્ય બાબત વિષય નિષ્ણાતની હતી. મેં નક્કી કર્યું હતું, આ વિષયના અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓના પ્રોફેસરોને ન બોલાવવા. જેઓ બેકરી ચલાવતા હોય એમને જ બોલાવવા. બેકરીમાં નોકરી કરનારને રજાના પ્રશ્નો નડે એટલે મેં તો સીધો બેકરી માલિકનો જ સંપર્ક કર્યો. એક મહિના સુધી મેળ પડ્યો નહિ. શહેરથી જેલ બહુ દૂર. માનદ્ વેતનમાંથી રિક્ષાનો ખર્ચ પણ નીકળે નહિ. અધૂરામાં પૂરું કેદીઓ સાથે કામ લેવાની વાત ! કોઈ જોડાય નહિ. છેલ્લે છેલ્લે બબ્બે બેકરીના માલિક ઈસાકભાઈને મળ્યો. વાત પડી ભાંગવામાં જ હતી. ઊભા થતાં થતાં મેં એક વાત કરી : 'કેદીઓના કપાળમાં સજાની કાળી ટીલી હોય છે. એટલે સજા પૂરી થયા પછી પણ તેમને કોઈ નોકરી નથી આપતું. આવો કોઈ હુન્નર શીખ્યા હોય તો ઘરનાં બીજાં તો સજામાંથી બચે ! કોઈ તૈયાર થતું નથી. પણ કામ પુણ્યનું છે.'

ઈસાકભાઈએ અકદમ મારી વાત પકડી લીધી. મને કહે: ' તમારા માનદ્ વેતનના પૈસાની વાત બાજુએ મૂકો. હું મારા ખર્ચે આવીશ. તૈયારી કરો સાહેબ.' એ આવ્યા. પ્રથમ જ મુલાકાત વખતે જેલની વર્ષો પુરાણી બેકરીની ભઠ્ઠીની અંદર બગલાની પાંખ જેવાં કપડાં સોતા ઘૂસી ગયા. જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ દવે સાહેબ 'હં, હં, ઈસાકભાઈ' કહેતા રહ્યા ને એ તો ઘૂંટણભેર અંદર જઈને આવી પણ ગયા ! બહાર આવીને એમણે બે શરતો મૂકી : એક, મારી બેકરીની મુલાકાત મને જાણ કર્યા વિના ઓચિતા જ લેવી. અને બીજી, વર્ગ મંજૂર કરો પછી હું કહું એમ કરવાનું.

એક દિવસે જેલ અધિકારી સાથે અમે ઓચિંતા એમની બેકરીએ પહોંચી ગયા. એમણે પગરખાં બહાર કઢાવ્યાં. અંદર દાખલ થતાં જ સૂચના આપી કે આખી ફેક્ટરીમાં ફરો. દીવાલ પર

કે ઘોડા પર કે ક્યાંય પણ ખૂણેખાંચરે આંગળી ઘસી જુઓ. એકાદ લસરકા જેટલી પણ ધૂળ આંગળી પર ચોંટેલી મળે તો બેકરીના માલિક તમે. સ્વચ્છતાથી અમે સૌ પ્રભાવિત થયા. મને મારી મહેનત ફળી એવું લાગ્યું. વર્ગ છ જ દિવસનો હતો. સરસ રીતે ચાલ્યોય ખરો. ને કેદીઓને પ્રમાણપત્રોય મળી ગયાં. આખા તાલીમવર્ગમાં શરૂથી અંત સુધી સંચાલનની જવાબદારી અમારા સંયોજક જેઓ પછીથી સુરત શ્રમિક વિદ્યાપીઠમાં કાર્યક્રમ અધિકારી બન્યા તે ભાઈ બાબુભાઈ કુંભાણીએ સંભાળીને તાલીમવર્ગને સફળ બનાવ્યો હતો. (સુરતમાં તેઓએ યુવાન વયમાં જ ચિરવિદાય લીધી.)

પણ મારી મહેનતનું ફળ તો એકાદ વર્ષ પછી જાણવા મળ્યું. જાણ્યું કે જેલની બેકરીની વસ્તુઓ ખૂબ વખણાય છે. એટલું જ નહિ, આગળ જતાં સરકારી અને મ્યુનિસિપલ હોસ્પિટલોમાં બ્રેડની હજારો રૂપિયાની દૈનિક જરૂરિયાતો જેલ પૂરી પાડવા માંડી છે. આગળ જતાં જેલની બેકરીનું વાર્ષિક વેચાણ લાખો ઉપર પહોંચી ગયું. આજે બેકરી સિવાય ત્યાં નાસ્તો પણ તૈયાર થઈને વેચાય છે. જેને માટે લાઈનો લાગ્યાનું છાપામાં આવે છે.

ફક્ત છ જ દિવસની શૈક્ષણિક કામગીરી પણ, એની પાછળની દાનત, દૃષ્ટિ અને મહેનત હોય છે તો કેટલાં સરસ પરિણામો લાવી શકે છે તેનો આ નમૂનો. એવી સેંકડો વ્યક્તિઓ છે જેમણે પોતાના સ્વતંત્ર વ્યવસાયો કરીને કુટુંબને તાર્યું હોય. હજારો વ્યક્તિઓ વ્યસનો, ખોટા ખર્ચાઓ, ખોટા રીતરિવાજોમાંથી છૂટ્યા હોય, કરકસર કરીને, બચત કરીને, ઘર ઉપયોગી ચીજો ઘરે જાતે જ બનાવીને કે જાતે જ રિપેર કરીને બચત દ્વારા સ્વાશ્રયી બન્યાં હોય, દેવાંમુક્ત થયાં હોય કે કોઈને કોઈ રીતે જીવનનાં કેટલાંક પગથિયાં સામટાં કૂદીને ઊંચે ચડી ગયા હોય.

## સફળતાનાં શિખરો

આ બધાંનો રિપોર્ટ મળે પણ ખરો અને ન પણ મળે. અમારી ફાઈલોમાં ઘણી સફળ વાર્તાઓ પડી છે. છતાં એ તો ૧૫-૨૦% જ ગણાય. પરંતુ આ હજારો કુટુંબોમાં મળેલી સફળતાનાં સાચાં પ્રમાણપત્રો તો જ્યારે ચાલી કે ઝૂંપડપટ્ટીમાં જઈએ ને એમનાં સૌના મોં પર જોઈએ, એમના આવકારને પામીએ અને ઘરોમાં ફેરફાર જોઈએ, ત્યારે જ મળતાં હોય છે.

સાવ સાધારણ અભ્યાસ અને વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિઓ અમારા સંપર્કે કેટલું વિકસી શકે છે એનાં ઉદાહરણો તો પાર વિનાનાં છે. અમારી સફળ વાર્તાઓની ફાઈલોમાં અમારા કેન્દ્રનો એકાદ સ્પર્શ કે એકાદ વિચારનો ઝબકાર લઈને જીવનનું આમૂલ પરિવર્તન થઈ ગયું હોય તેવા તો ઘણા કિસ્સાઓ છે.

દિવાળીબહેન એમાંના એક. ઓછું ભણેલાં. અસ્સલ ચરોતરી વ્યક્તિત્વ ધરાવે. આવે તો દૂરથી વર્તાઈ જાય એવો અવાજ ને વાત કરવાની એવી શૈલી. એમના પતિ આંશિક રીતે માનસિક ખામીવાળા. સ્ટ્રોક આવે એટલે મહિનો રજા ઉપર. કુટુંબ ભંગાણને આરે. આવકનાં ઠેકાણાં નહિ. એમને કોઈએ ભલામણથી મારી પાસે મોકલ્યાં. સિલાઈ કામ સિવાય કશું જ આવડે નહિ. મારે દરજી કામ કરાવવું નહોતું. મારે તો શિક્ષિકાબહેન જોઈતાં હતાં. આ ચરોતરી નારી એમની વર્તણૂકથી પૂરાં બંધ બેસતાં જણાય નહિ. પણ કોણ જાણે કેમ, મને એમનામાં તેજસ્વિતા દેખાઈ. શિક્ષિકા થવાની વાત કરું તો માને નહિ. પણ ધીમે ધીમે પાટે ચડાવ્યાં. વ્યવસ્થિત બોલતાં કર્યાં. ભણાવતાં તો કર્યાં જ. પણ નોટ ઉતરાવતાંય કર્યાં. પછી તો એમણે ચાર્ટસ પણ તૈયાર કર્યાં. સિલાઈ કામમાં એમની કક્ષા ખૂબ ઊંચી. એ કક્ષાને ફક્ત ઘોરિયામાં વાળીને પાણીની જેમ ખસેડવાની નહોતી, ઊંચેય ચડાવવાની હતી. શિક્ષક તરીકેનું તેજ પ્રગટાવવાનું હતું.

ને પ્રગટ્યું.

એક વાર તેમણે પ્રસ્તાવ મૂક્યો- 'સાહેબ, આપણી છોડીઓને સરકારની પરીક્ષામાં બેહાડિયે ?' ટૅકનિકલ એજ્યુકેશન બોર્ડની પરીક્ષાની એ વાત હતી. એમને નિરાશ કરવા ખાતર મેં કહ્યું : 'તમારી છોડીઓને કયો સરકારી સાહેબ મંજૂરી આપશે ? છાનાંમાંનાં કેન્દ્રમાં લાળિયાં-ઝભલાં શીખવાડો !' મને કહે કે – 'સાહેબ, મેં તપાસ કરી છે. આપણાં હાજરીપત્રકોને આધારે પરીક્ષામાં બેસવા દેશે. ફોર્મ ભરવાની હા પાડી ને સહી કરી આલો એટલે બસ. હું મળી આવી છું.' હું તો માની

જ ન શકું. વાત સાચી નીકળી. ફાર્મ ભર્યાં. બધી છોડીઓ બેઠી. પરિણામ આવ્યું એણે મને વેંત ઊંચો ચાલતો કરી દીધો. ‘સાહેબ, બધીયો પાસ થૈ જૈ. શો એ શો ટકા પાસ. ફર્સ્ટ ક્લાસમોં !’ પછી તો અમને ટૅકનિકલ એજ્યુકેશન બોર્ડે કેન્દ્ર પણ આપવા તૈયારી બતાવી હતી.

સિલાઈ શીખવતાં શીખવતાં તેઓ અમારા બીજા તાલીમવર્ગોમાં કુલ ૯ જેટલા વિષયો શીખ્યાં. ચારેક વિષયોમાં નિષ્ણાત થયાં. એક દિવસ એમને ઘેર જઈને જોયું તો બે ત્રણ વર્ષના જ સમયગાળામાં જાણે ભૂલો પડ્યો. ઘરમાં આમૂલ પરિવર્તન. ફ્રિઝ પણ સેકન્ડનું ખરીદેલું. હું તો રહી ન શક્યો, કહ્યાં વગર કે : ‘બહેન, મારે ઘેર તો હજી ક્યારેય આવશે ફ્રિઝ, ખબર નથી. તમે તો ફ્રિઝ ને ઘરઘંટીવાળાં થઈ ગયાં ને શું ?’ હું ખૂબ ખુશ થયો. પાંચ સાત વર્ષ પછી મને એમનાં દીકરાઓનાં લગ્નની કંકોતરી આપતાં બોલ્યાં હતાં – ‘સાહેબ, છોકરાવને મારી પોતાની આવકમાંથી પરણાવું છું. જરૂર આવજો.’ છોકરો ફોટોગ્રાફી ને વિડિયોગ્રાફી કરતાં કરતાં અમેરિકા પહોંચી ગયો.

આવી દિવાળીબહેનો મહોલ્લે મહોલ્લે પ્રગટે તો બારે માસ દિવાળી ઊજવી શકાય, એમાં શંકા નથી. રાણીબહેન મારવાડી દિવાળીબહેનનાં જ વિદ્યાર્થીની. સિલાઈ શીખ્યાં. માપ લેવા પૂરતું આંકડા લખતાં વાંચતાં શીખ્યાં. રમકડાં બનાવવાની તાલીમ પણ લીધી. પણ મારવાડી લોહી. રાણીછાપ રૂપિયા ખણખણતા સંભળાવા લાગ્યા હશે. રમકડાં બનાવીને વેચવા કાઢયાં તો ખપી ગયાં. ધંધો ચાલ્યો જ નહિ, વિકસ્યો. અક્ષરજ્ઞાન પાકું કરી લઈને કેટલાંયને ભણાવ્યાં. આગળ જતાં પોતાના વિસ્તારની – અસારવાની – બહેનોની બચત મંડળી કરીને લાખેક રૂપિયાનો વહીવટ પણ કરી જાણ્યો. દમયંતીના હાથમાં મરેલાં માછલાં જીવતાં થઈ જતાં. નાનાદાદાના વિદ્યાર્થીઓની પાસે નબળાંને-દૂબળાંને તરવરતાં કે બઘડાટી બોલાવતાં કરી દેવાનું કૌવત પડ્યું હોય છે. બાવળામાં ‘ડસ્ટર પ્રયોગ’ વડે માછલાં મર્યાં કે મરશેની ભીતિ જાગી ગઈ હતી. અહીં આ સૌને ઊજળાં થતાં જોઈને જે પાનો ચડતો, જે ધરવ થતો, એણ્યે કરીને ધાત્રી કે ધાવણ તરીકેનો, બેયનો અનુભવ એક સાથે થતો અનુભવ્યો.

## અભ્યાસક્રમો અને આધાર સાહિત્યની ગૂંથણી :

શ્રમિક વિદ્યાપીઠની પદ્ધતિમાં આગળ જણાવ્યાં તત્ત્વોમાંનાં બે ૧, અભ્યાસક્રમો અને ૨, આધાર સાહિત્ય બાબતે મને રસના ઘૂંટડા ઊતરતા. Polyvalant પદ્ધતિને કારણે મુખ્ય વિષયની સાથે આનુષંગિક વિષયોને ગોઠવવામાં 'નહિ સાંધો નહિ રેણ' એવું, એકરસ બની રહે તેવું જોડાણ અગત્યનું બની રહે, પણ ખૂબ જ અઘરું એ રહેતું. એમાં મને ફાવટ આવી ગઈ હતી. એ જ વિષય માટેના એક સેમિનારમાં ઊંડાણથી ચર્ચા ચાલી તેમાં હું નબળા અંગ્રેજીના કારણે બહુ ભાગ ન લઈ શક્યો. પરંતુ મારી નહિ સાંધો નહિ રેણ વાળી વાત તાત્ત્વિક રીતે સ્વીકારાતી જોઈને મને હરખનોય ઘૂંટડો ગળવા મળ્યો હતો. વર્ષો બાદ લગભગ તૈયાર અભ્યાસક્રમો જ અમલમાં આવતા ગયા. એટલે જાતે તૈયાર કરવાના અભ્યાસક્રમોવાળી વાતનું મૂલ્ય ન રહ્યું. એ વાતે તો ગળે ન ઊતરે તેવો કડવો ઘૂંટડોય પછી તો પીવો પડ્યો. પણ કેટલાક સુંદર અભ્યાસક્રમો તૈયાર કરી શક્યો એ મૂડીરૂપ રહ્યા.

- **રેતીમાં વહાણ ચલાવ્યું**

શ્રમિકવિદ્યાપીઠની અમારી કામગીરી સંખ્યાની દૃષ્ટિએ પ્રથમવર્ગમાં આવતી નહોતી. અમે ગુણવત્તામાં માનતા હતા. પરંતુ અમારા કેન્દ્રમાં કર્મચારીઓની ભરતી પૂરેપૂરી ક્યારેય થઈ શકી નથી. પરિણામે આગળ જતાં ગુણવત્તાનેય ઠેસ પહોંચી. આગળ જતાં ગ્રાન્ટ પણ અનિયમિત થઈ. ગુજરાત યુનિવર્સિટી જેવી સંસ્થા દિલ્હી ઓફિસ દ્વારા છાશવારે બદલાતા નીતિનિયમોમાં કદમ ન મિલાવી શકે તે સહજ છે. પ્રશ્નો વધતા જ ગયા. વહીવટી પ્રશ્નોને લીધે જ છેલ્લાં પાંચ વર્ષ ગ્રાન્ટ તદ્દન ન આવી. નિયામક તરીકે ચાર્જ લીધા બાદ આ બધો વળ ચડેલો ભાગ મારા હાથમાં આવેલો. છેલ્લાં પાંચ વર્ષ ગ્રાન્ટ વિના કાઢયાં. અમારા પગાર યુનિવર્સિટી નિયમિત કરતી. એ દેવું અમારા માથે વધતું ગયેલું.

પરંતુ કાર્યક્રમોમાં અમે ક્યારેય ઢીલા કે નીચા ન પડ્યા. પ્રગતિઆંક ઉપર તરફ જ જતો દેખાયો. એનો યશ અમારા કર્મચારીઓ કે જેમણે બબ્બે ત્રણત્રણ વ્યક્તિઓની કામગીરી ઓવરટાઈમ લીધા વિના બજાવી. યશના બીજા ભાગીદાર અમારી સહયોગી સંસ્થાઓ. મારા કાર્યકાળ દરમિયાન ૨૪ વર્ષોમાં અમે ૩૦૦ જેટલી સંસ્થાઓનો સહયોગ મેળવી શક્યા. વર્ગોના આયોજનથી માંડીને ફોલોઅપ સુધીની બધી જ કામગીરીમાં (ગ્રાન્ટ બંધ થવાનાં વર્ષો દરમિયાન પણ) જાણે આ બધું તેમનું કાર્ય હોય તેમ ગણીને તેમણે ફાળો આપ્યો. નાણાંકીય બાબતોથી તંગ

આવી જઈને કેટલીક સંસ્થાના પ્રતિનિધિઓ–અધિકારીઓ મારી ઓફિસમાં ગરમાગરમ શબ્દો ઉછાળતા રહે. મિટિંગ પૂરી થયા પછી તેઓ બારણાં પછાડીને જાય. બીજે અઠવાડિયે કે ક્યારેક તો બીજે જ દિવસે આવીને પાછા મળી જતા. જાણે કશું જ બન્યું નથી. મેં હમેશાં આ સહુ સંસ્થાજનોને મારાં ગયા ભવનાં સગાં જ કહીને સંબોધ્યાં, ને માન્યાં છે. કોઈ પણ સંસ્થાએ સફળતા મેળવવી હોય તો સહયોગી સંસ્થાઓ સાથેના સંબંધો બહુ કિંમતી બાબત છે, એ વાત મારે હૈયે પથ્થરની લકીરની જેમ જડાઈ ગઈ છે. મારી નિવૃત્તિમાં એક-દોઢ વર્ષ પહેલાં બધી જ બાકી ગ્રાન્ટ મળી ગઈ. એટલું જ નહિ, બધાં કેન્દ્રોની સાથે વાર્ષિક ગ્રાન્ટ બમણી થઈ. મારી નિવૃત્તિ સુધરી ગઈ. પણ મારાં કસોટીનાં પાંચ વર્ષો, ગ્રાન્ટ નહોતી મળી ત્યારે, આ જ કર્મચારીઓ દ્વારા સુખે દુ:ખે પસાર થયાં હતાં. એ હું ભૂલ્યો નહોતો. હું વારંવાર ગુસ્સે થઈ જતો. પણ કોઈનું હિત રોકવાનો વિચાર સુદ્ધાં આવતો નહિ. મને પ્રેમ ઊભરાઈ જતો નહોતો તે ખરું, પરંતુ વેર પણ જાગતું નહોતું. એ એનાથીય વધુ સાચુ હતું. સમોડામાં એક વિદ્યાર્થીએ મારી સામે આંગળી ચીંધીને 'જો પેલો જાય !' એટલું જ કહ્યું હતું. હું એ તિરસ્કારયુક્ત એકવચને સંબોધાયો એટલા માત્રથી મેં રાજીનામું આપ્યું હતું ! હું સમાધાન કરી શક્યો જ નહિ. યુનિવર્સિટીમાં મારી નિવૃત્તિનાં નિર્ણય માટેની મિટિંગમાં મને એક વર્ષ વધુ કામ કરવા માટેનો ઠરાવ થયો. પણ મારી સ્થિતિ આરામ માગતી હતી. મેં એક વર્ષનું એક્સ્ટેન્શન ન સ્વીકારીને ટેન્શન દૂર કર્યું. બે મહિનાની વધારાની કામગી કરીને એપ્રિલ ૨૦૦૨માં ૩૬ વર્ષની કામગીરી પૂરી કરી.

**ખેડાયું, લણાયું** : ૧૯૬૫માં સ્નાતક થઈને હું લોકદક્ષિણામૂર્તિત્વથી ભર્યો ઉંબરે ઊભો હતો. કોઈ ક્ષેત્ર (ખેતર) મારી રાહ જોતું નહોતું. એમ મેં શરૂમાં લખ્યું હતું. આ ૩૬ વર્ષમાં મેં ઘણાં ખેતરો ખેડ્યાં. ખેતરોએ શું મોલાતો લણી એની તપાસ કોઈએ કરવાની. હું પોતે ખૂબ ખેડાણો એનો સાક્ષી હું, આ લખું છું. મને ને મારી આજુબાજુ ક્યાંક કાંટા-ઝાંખરાં ફૂટ્યાં જરૂર. પણ મોતીશા દાણાનો મારો ઢગલો મોટો ને મોટો થતો ગયો છે. આ જલમમાં તો કાબરભાઈ એને ખૂટવાડી હકે એમ નથ્ય. ગુલાબના છોડને પોતાના કાંટા ન વાગે. ગુલાબનો છોડ એની પરનાં સુંદર સુગંધીદાર મોહક ફૂલો વડે વિશ્વમાં માન પામે. એટલું બધું પામે કે એને કાંટા છે એયે ભાન રહે નહિ. મને ક્યારેક ક્યારેક ક્યાંક ક્યાંક, કશેકથી (ને મારી પોતાની કનેથીય) કાંટા વાગ્યા હશે. પણ મને જે ફૂલો–ફળો મળ્યાં એણે મને ભર્યોભર્યો કરી દીધો. શાપુર લોકશાળા, લોકભારતી કે મારાં માતાપિતા–બંધુમાંનાં કોઈનેય નિચાજોણું થાય નહિ એવી લાઈન પર રહ્યો. બે બાબત એવી છે, જેમાં કોઈએ ક્યારેય મારે વિશે ઘસાતું કહ્યું નહિ હોય. એક, મારી કર્તવ્યનિષ્ઠા અને બીજું, સહેજે પણ ખરડાયા વિનાના મારા હાથ ને આંખ. એક ચણીબોર માટે એટલું ઓછું ન કહેવાય.

## દાદાઓએ દીધા ચાંદ

મારી ડાળખીએ બેઠેલાં અનેક ફળામાંનાં બે ફળો સૌને બતાવવાનું મન થાય છે.

દર્શકનાં પુત્રી સુમેધાબહેન એની પુત્રીને લઈને પ્રથમવાર મુંબઈથી સણોસરા આવતાં હતાં. મનુદાદા અમદાવાદ સુધી તેડવા આવેલા. મેં મારું શ્રમિક વિદ્યાપીઠનું સાહિત્ય એમને મોકલ્યું હતું. તેનાં અનુસંધાને એમણે મને મુ. જયાબહેન શાહના ઘેર બોલાવ્યો હતો. પાસે બેસાડીને કહે – 'જુગલ, હું માઈધારમાં જે પ્રયોગ કરવા માગું છું તે જ પ્રયોગ ભલે શહેરનાં શ્રમિકો માટે, પણ તેં તો ક્યારનોય શરૂ કરી દીધો છે ને શુ ?' એ પ્રયોગ તો યુનેસ્કો તરફથી આવેલો હતો. પરંતુ મનુદાદાના આ શબ્દોએ ગામડાનું કામ કરી શક્યો નથી તે વસવસો મારો દૂર કરી દીધો.

બીજું ફળ બૂચદાદાએ આપેલા પ્રમાણપત્રનું. તેમની ફરિયાદ હતી કે હું કાવ્યો લખતો બંધ થઈ ગયો છું. ૧૯૭૪થી શ્રમિકોમાં કામ કરતો થયો પછી વિનોબા જેમને વિષ્ણુને પોઢાડનાર શેષનાગની ફેણ કહે છે તે પૃથ્વીના આધાર એવા શ્રમિકને ઓળખવાનો યોગ ઊભો થયો. શ્રમિકોની જીવન સારંગીના અતિકોમળ સ્વરો મને સંભળાઈ ગયા. મારી તંત્રી પણ ઝણઝણી ઊઠી. 'સુદર્શન' તખલ્લુસથી કેટલાક પ્રસંગો 'ચક્રગતિ' શીર્ષક હેઠળ મેં લખેલા તે વાંચીને બૂચદાદાએ ભાવપૂર્વક પત્ર લખ્યો. ભાગ્યે જ જોવા મળે એવો ઉત્સાહ એમાં પ્રગટ થતો હતો.

"તમારાં લીથોગ્રાફ લખાણો વાંચવાં શરૂ કર્યાં. થોડાંક જ વાંચ્યાં. બધાં ગદ્યકાવ્યો જ છે. ટાગોરની 'ગીતાજંલિ' પ્રકારનાં. ઈસ્માઈલદાદાનું 'વનસ્પતિ જીવનદર્શન' હિન્દીમાં વાંચ્યું ત્યારે મને 'ગીતાંજલિ' યાદ આવેલી. તમારાં લખાણો વધુ સાદી સરળ ભાષામાં પણ મને તો એ પ્રકારનાં જ લાગ્યાં છે. એટલે હવે તમે કાવ્યો લખતાં નથી એ ફરિયાદ હું સાનંદ પાછી ખેંચી લઉં છું....કરુણ રસ રસોમાં શ્રેષ્ઠ ગણાય છે. સમાજ જીવનના ઘણા મોટા કરુણ ભાગોમાં તમારા જેવા કવિ-હૃદયને કાવ્ય દેખાય અને તમે તે ભાવને સરસ વાણી આપો તે સ્વાભાવિક અને ઉચિત છે. આમાં મારો પક્ષપાત નથી. તટસ્થ ભાવ છે."

પોતાની મૂલ્યાંકન નીતિને આધારે બૂચદાદાએ મારું ને મારાં કાર્યનું, મારાં પ્રિય  પાત્રોનું, જે મૂલ્યાંકન કર્યુ એણે મારાં કાર્યોને મહેકતાં કરી દીધાં. પછીથી 'કોડિયું'માં એ પ્રગટ પણ થયાં હતાં.

## નોળવેલ : લોકદક્ષિણામૂર્તિત્વનું નવલું પગરણ

શ્રમિક વિદ્યાપીઠનાં છેલ્લાં વર્ષોમાં સરકારી ગ્રાન્ટ પ્રશ્ને હું વલોવાઈ રહ્યો હતો. બરાબર ત્યારે જ એક અત્યંત મીઠી અને મધુરી કામગીરીનો મેં આરંભ કર્યો. બળબળતા બપોર વચ્ચે લીમડી કે પીલુડીની છાયંડી જાણે.

આમેય લોકભારતીથી નાળ વધેરાઈને બહાર આવ્યાં પછી કોઈને મોટા ભોરિંગ કે કોઈને સાપોલિયાં ડંખતાં જ રહેતાં હોય છે. લોકભારતીના મિત્રો મળે ત્યારે એવી ટાઢક થાય ! કળ વળેલી ઊતરી જાય. એમ ખબર પડતી ગઈ કે આપણાં તો આંય આટલાંમાં ઘણાં બધાં છે ! પહેલે ધડાકે જ ૪૦ જેટલાં મળી આવ્યાં. પછી તો તપાસ જ ચાલુ કરી. સપનામાં જ્યાં હાથ નાખો ત્યાં રૂપિયા જડે એમ લોકભારતીવાળાનાં સરનામાં જડવા માંડ્યાં. ઉઘાડી આંખે ગોત્યાં તો, અમદાવાદ-ગાંધીનગર આસપાસના કુલ મિલાકે ૧૩૦ સમદુખિયાં મળી આવ્યાં. આ સૌને સણોસરાનું અણોહરું વળગેલું. ટપાલો ને ફોન કરી કરીને બરક્યાં. મિટિંગું થૈ. મજાયું માણી ને એમ અમારા હૌની ટોળકિયું થૈ પડી. પ્રવૃત્તિનું નામ સ્વાભાવિક જ 'નૉળવેલ' રાખ્યું.

બધાંને બધાંયના સરનામાં પોગાડ્યાં. પત્રિકાય પ્રકાશિત કરી. પણ એક નિયમ રાખ્યો હતો – એજન્ડા વિના મળવું. લોકભારતીની કેડીએ જ હાલવું. નવી કેડી પાડવી નૈ. ને માતૃવંદનાના ગીતોમાં ક્યાંય કોઈ બેસૂરો સૂર વગાડવા દેવો નહિ.

- **બૂચદાદાએ ગળથૂથી પાઈ**

શ્રમિક વિદ્યાપીઠમાં જેમ ફોલોઅપ અનિવાર્ય છે, એમ કોઈ પણ રચનાત્મક સંસ્થાને માટે અનુકાર્ય પ્રવૃત્તિ હોવી જ ઘટે. લોકભારતીએ જૂના વિદ્યાર્થીઓનો સર્વે કર્યો છે. જે ખૂબ કિંમતી છે. પણ કાયમી ને નિયમિત ધોરણે આપણે ત્યાં ફોલોઅપ પ્રવૃત્તિ નથી. આ અજાણ્યે જ શરૂ થયેલ નૉળવેલ જો જિલ્લે જિલ્લે ઊગી નીકળે તો લોકભારતીનું કાર્ય ઘણું સરળ થઈ જાય. સંસ્થાઓની ઉપરેય વંટોળ-વાવાઝોડાં આવતાં જ રહેવાનાં. એવે સમયે આ બહાર ફેલાઈ ચૂકેલી વેલીઓ નાનાદાદાનું સત્વ જાળવીને – સાચવીને જીવતું રાખી શકે. આ અરસામાં બૂચદાદાના પત્રોની વર્ષા જ થઈ હતી ! એમના પત્રોમાં બૂચદાદા એમના સ્વભાવથી જુદા જ ઊભરાતા-છલકાતા દેખાય છે. મૃત્યુ પહેલાં એમણે મને અત્યંત પ્રેમાગ્રહપૂર્વક રૂપિયા ૫૦૦ નોળવેલની પ્રવૃત્તિ માટે પોતાના ફાળા રૂપે આપ્યા હતા. નિવૃત્તિ સમયમાં નોળવેલનું કાર્ય કરીને નાનાદાદાની લીલી વાડીની વેલ દ્વારા લોકભારતીની સાથે સાથે બૂચદાદાનેય અંજલિ આપી દઉં.

## બાયોડેટા :



નામ : **જુગલકિશોર જેઠાલાલ વ્યાસ**

વતન : ઉમરાળા ; જિલ્લો ભાવનગર. અત્યારે અમદાવાદ.

જન્મ તારીખ : **૨૫, જાન્યુઆરી,૧૯૪૪.**

અભ્યાસ :

પ્રાથમિક :

ઉમરાળા, રંઘોળા (ભાવનગર)

માધ્યમિક :

સર્વોદય આશ્રમ, શાહપુર(સોરઠ), જિલ્લો જૂનાગઢ. (૧૯૫૫-'૬૦)

સ્નાતક :

(ગ્રેજ્યુએટ) કૃષિ વિજ્ઞાન; લોકભારતી સણોસરા, ભાવનગર. (1962-66)

અનુસ્નાતક :

(એમ.એ.પ્રથમ વર્ગ; ગુજરાતી વિષય); ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

શાસ્ત્રીયસંગીત :

(કંઠ્ય)-૧૯૫૬-૫૯; શાહપુર; ગુરુજી : વિઠ્ઠલદાસ બાપોદરાજી.

કાર્યક્ષેત્રો :

ખેતી-શિક્ષક :

બાવળા(અમદાવાદ).૧૯૬૬-'૬૭.

સેમી-ક્લાર્ક :

આર્યોદય જિનીંગ મીલ્સ, અમદાવાદ(એમ.એ.દરમિયાન)૧૯૬૭-'૭૦.

વ્યાખ્યાતા :

(લેક્ચરર) આર્ટ્સ કૉલેજ ઇડર,સાબરકાંઠા.૧૯૭૦-'૭૧.

વ્યાખ્યાતા :

(લેક્ચરર), સમોડા ગ્રામવિદ્યાપીઠ -- મહેસાણા જિલ્લો. (1971-'74)

ઇન્ચાર્જ- કામદાર શિક્ષણ :

ગાંધીજી દ્વારા સ્થપાયેલ મજૂર મહાજન સંઘ, અમદાવાદ.૧૯૭૪-'૭૭.

કાર્યક્રમ અધિકારી :

શ્રમિક વિદ્યાપીઠ; (એડલ્ટ એજ્યુકેશન, ભારત સરકાર.)૧૯૭૭-'૮૯.

નિયામક :

શ્રમિક વિદ્યાપીઠ / જનશિક્ષણ સસ્થાન; એડલ્ટ એજ્યુ; ભારત સરકાર. ('૮૯-'૦૨)

નિવૃત્તિ : ૨૦૦૨થી.

વર્તમાન પ્રવૃત્તી : ૧) **'કોડિયું'** સામયિકમાં સહતંત્રી (માર્ચ, ૨૦૦૯થી)

૨) વાચન-લેખન; ઈન્ટરનેટ પર ભાષા-સાહિત્યના બ્લૉગનું સંચાલન

૩) ગુજરાતી ભાષા–પરિષદના જોડણી વીષયક પ્રચાર–પ્રસાર કાર્યમાં સક્રિય, વાચન-લેખન ; ઇન્ટરનેટ પર ભાષા-સાહિત્યના કુલ પાંચ બ્લૉગોનું સંપાદન ઉપરાંત “વેબગુર્જરી”ની સ્થાપના.

વિશેષ કાર્યો : **1]** સમોડા ગ્રામવિદ્યાપીઠમાં ગૃહપતિ, ઉપાચાર્ય, ઉપ નિયામક તરીકેની સેવાઓ

**2]** મ.મ.સંઘમાં આંગણવાડી(બાલમંદિર)શિક્ષિકા તાલીમ તથા તે વિભાગના ઈન્ચાર્જ; વ્યાવસાયીક તાલીમવર્ગોની નવી પરંપરા અને શૃંખલા શરૂ કરી; 1920 આસપાસ શરૂ થયેલા મ.મહા.સંઘના મુખપત્ર 'મજૂર સંદેશ'ના સંપાદનકાર્યમાં મદદ.

**3]** શ્રમિક વિદ્યાપીઠ (જન શિક્ષણ સંસ્થાન)દ્વારા શ્રમિકો અને તેનાં કુટુંબીજનોને વ્યાવસાયિક ઉપરાંત જીવનશિક્ષણ; 250 જેટલી સંસ્થાઓ સાથે સહયોગ; વિવિધ વિષયો પરનાં 24 જેટલાં આધાર સાહિત્ય [કોર્સ મટીરીઅલ્સ]નું સર્જન; અનેક સામાજિક સંસ્થાઓ એન.જી.ઓ.]ની રચનામાં માર્ગદર્શન અને કેટલીકના સંચાલનમાં મદદ.

**4]** નાનાભાઈ ભટ્ટ દ્વારા શરૂ કરાયેલી સંસ્થાઓનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને તેમનાં કુટુંબીજનોની મિલનસંસ્થા 'નૉળવેલ'ની 1998માં સ્થાપના અને સંચાલન.

સાહિત્ય સર્જન :

ક] પુસ્તકો :

**1]** 'શ્રમિક શિક્ષણની દિશામાં'[પરિચય પુસ્તિકા]ના લેખક;

**2]** 'એક ચણીબોરની ખટમીઠી'ના લેખક [મારા શિક્ષણ જીવનના અનુભવોનું મારી માતૃસંસ્થા દ્વારા પ્રકાશન]

**3]** ઔષધિગાન ભાગ 1-2 (ઔષધીય વનસ્પતિ અંગેનાં 200 જેટલાં કાવ્યો)નું સંપાદન;

**4]** સ્વ. શોભન વૈદ્ય સ્મૃતિગ્રંથનું અન્ય સાથે સંપાદન;

**5]** ગુજરાતના જાણીતા હાસ્યલેખક અને આજીવન શિક્ષક-સંત સ્વ. ન.પ્ર.બુચની આત્મકથા "મારે વિષે હું અને એક વી.આઈ.પી.ની આત્મકથા"નું સંકલન-પ્રકાશન.

ખ] સામયિકોનું સંપાદન : **1]** શ્રમિક વિદ્યાપીઠનું મુખપત્ર 'શ્રમિક શિક્ષણ'ના સ્થાપક સંપાદક;

**2]** જ્ઞાતિનું મુખપત્ર 'સદ્ભાવ'ના સ્થાપકોમાંના એક અને તંત્રી તરીકે તેનું સંપાદન;

**3]** 'નૉળવેલ' અનિયતકાલીકની સ્થાપના અને સંપાદન;

**4]** 'આયુક્રાંતિ' (આયુર્વેદ વિષયક)સામયિક-માસિકના સ્થાપક સભ્ય-સંપાદક;

**5]**નાનાભાઈ ભટ્ટ પ્રસ્થાપિત અને દર્શક સંપાદિત સામયીક **'કોડિયું'માં સહતંત્રી**

ગ] લેખો,લેખ-શ્રેણીઓ : **1]** 'જયહિન્દ' દૈનિકમાં આધુનિક રામાયણની પદ્યશ્રેણી (1967-68)

**2]** ગુજ.સમા.ના અઠવાડિક 'શ્રી' કૌટુંબિક વિષયો પરની પતિ-પત્નીના પત્રોની શ્રેણી (1969-70);

**3]** 'કોડિયું'માં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સક્સેસ સ્ટોરીઝની શ્રેણી (ચાલુ);

**4]** કોડિયું ઉપરાંત અન્ય દૈનિકો/ સામયિકોમાં પ્રસંગોપાત્ત લેખો-કાવ્યો.

પારિવારિક : **પત્ની** : રમાબહેન

**પુત્રો :** આનંદ [ઈન્ડીઅન-ઍરલાઈન્સ] – પત્ની દિવ્યા

મનન [Propriter: ACE Courier Pvt. Ltd] – પત્ની જીજ્ઞા

અર્પણ તથા પત્ની મુક્તિ (બન્ને અંગ્રેજીનાં શિક્ષકો.)

